RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 398 Dt. 13-08-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# મનપસંદ હોસ્પિટલમાં સારવાર શક્ય

## સરકાર હેલ્થ ઈન્સ્યોરન્સ ક્ષેત્રે લાવશે નવા નિયમો

નવી દિલ્હી, તા.૧૨

હોસ્પિટલમાં ઈલાજ માટે ગયા તો હવે ઈન્સ્યોરન્સ કંપનીઓ એવું નહીં કહી શકે કે, અમે આનો રૂપિયો પણ નહીં આપીએ. સરકાર હવે હેલ્થકેર સેક્ટરમાં મોટા સુધારા કરવા જઈ રહી છે. કોમન ઈન્સ્યોરન્સ પોલિસી પણ આવી શકે છે. જેનાથી પૈસા પણ બચશે અને ખોટી હેરાનગતિ પણ નહીં થાય. હોસ્પિટલમાં દાખલ થતાં જ ઈન્સ્યોરન્સ કંપનીના બહાના શરૂ થઈ જતા હોય છે. હોસ્પિટલ વાળા કહેશે કે ઈન્સ્યોરન્સમાં આ કવર નથી થતું, પેલું કવર નથી થતું. અથવા ઈન્સ્યોરન્સ વાળા કહેશે કે, અમે રૂમ ભાડાના આટલા જ આપી શકીએ, તમે મોંઘી હોસ્પિટલમાં કેમ ગયા? પરંતુ હવે આ તમામ મુશ્કેલીઓ ખતમ થવા જઈ રહી છે. સરકાર હેલ્થ ઈન્સ્યોરન્સ સેક્ટરમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો સામાન્ય જનતાને મળશે.



હોસ્પિટલોમાં ઈલાજનો ખર્ચ એટલો વધી રહ્યો છે કે લોકો ત્યાં જતાં ડરી રહ્યા છે. દર વર્ષે મેડિકલ ઈન્ફ્લેશન એટલે કે સારવારની મોંઘવારી ૧૨% થી ૧૪% ના દરે વધી રહી છે. તાજેતરમાં આવેલો પાર્લામેન્ટરી કમિટીનો રિપોર્ટ દર્શાવે છે કે, સરકારી હોસ્પિટલમાં દાખલ થવા પર સરેરાશ ખર્ચ ₹૬,૬૦૦ છે, જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં આ ખર્ચ સરેરાશ ₹૫૦,૦૦૦ સુધી પહોંચી જાય છે. આ જ મનસ્વી ખર્ચને રોકવા માટે સરકાર એક્શન મોડમાં છે.

વીમા નિયામક પ્રાધિકરણ (ઈછ્ઉઅઈ) ના ચીફની અધ્યક્ષતામાં એક કમિટી બનાવવામાં આવી છે. જેમાં હોસ્પિટલો, વીમા કંપનીઓ અને ઈઈઈના દિગ્ગજો સામેલ છે. આ કમિટી આ વર્ષના અંત સુધીમાં સરકારને પોતાનો રિપોર્ટ સોંપશે. સરકાર સારવારના રેટ ફિક્સ કરવા માંગે છે. એટલે કે કઈ બીમારીના ઈલાજ માટે હોસ્પિટલ કેટલા પૈસા લેશે, તે વીમા કંપનીઓ અને હોસ્પિટલો વચ્ચે પહેલાથી જ નક્કી હશે. આનાથી હોસ્પિટલો મનસ્વી બિલ બનાવી શકશે નહીં અને બિલિંગમાં પારદર્શિતા આવશે.

અલગ-અલગ કંપનીઓના નિયમો એટલા ગૂંચવણભર્યા હોય છે કે, લોકો પરેશાન થઈને પોલિસી બદલતા રહે છે. સરકાર હવે એક એવું કોમન હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ લાવવાની તૈયારી કરી રહી છે, જેને વેચવું દેશની તમામ વીમા કંપનીઓ માટે ફરજિયાત હશે. તેમાં હોસ્પિટલમાં દાખલ થયા પછીના ઈલાજનું લિસ્ટ હશે, જેથી ગ્રાહકને પહેલાથી જ ખબર હશે કે, કઈ બીમારી માટે કેટલા પૈસા મળશે.

ઈન્ડસ્ટ્રીના અંદાજ મુજબ દેશમાં ૧૦% થી ૧૫% હેલ્થ ક્લેમ બોગસ હોય છે, અથવા બિલની રકમ વધારીને રજૂ કરવામાં આવે છે. દર નક્કી થવાથી બોગસ બિલિંગ અટકશે, અને વીમા કંપનીઓ પણ ક્લેમ ફગાવવાના બહાના નહીં શોધી શકે.

હોસ્પિટલમાંથી રજા મળતી વખતે વીમા કંપનીના એપ્રૂવલ માટે જે ૪-૫ કલાકની લાંબી રાહ જોવી પડે છે, તેનો ઉકેલ લાવવા 'નેશનલ હેલ્થ ક્લેમ્સ એક્સચેન્જ' લાગુ કરવામાં આવશે. આ એક ડિજિટલ પ્લેટફોર્મ હશે, જ્યાં હોસ્પિટલ અને વીમા કંપનીઓનો તમામ ડેટા એક જ ફોર્મેટમાં ઉપલબ્ધ હશે અને ત્વરિત ક્લેમ સેટલમેન્ટ થશે.

# હૂતીના હુમલાથી સળગતો રાતો સમુદ્ર

## અમેરિકાનાં હેલ-ફાયર મિસાઈલ્સથી હોર્મુઝ ભડકે બળે છે

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકી નૌકાદળે હોર્મુઝ સ્ટ્રેઈટસમાં ઈરાનની નાકાબંધી તોડવા જઈ રહેલા એક જહાજ પર મિસાઈલ હુમલો કર્યો છે, જેનાથી તેનું મિશનરૂમ નાશ પામ્યું. બાબ-અલ-મંડબ અને હોર્મુઝ જળસંધિ બંધ થતાં વૈશ્વિક સમુદ્રી વ્યાપાર અટકી ગયો છે.



હૂતી આતંકીઓએ એક માલવાહક જહાજ પર મિસાઈલ છોડતા ૬ના મોત થયા છે. આ તણાવથી તેલની કટોકટી અને મોંઘવારી વધશે. નિષ્ણાતો આને સંભવિત ૩જા વિશ્વયુદ્ધની શરૂઆત ગણાવી રહ્યા છે.અમેરિકી સેનાએ એક જહાજ ઉપર મિસાઈલ હુમલો કર્યો, સેનાએ કહ્યું તે ઈરાનની નાકાબંધી તોડી જઈ રહ્યું હતું

નવી દિલ્હી : દુનિયાના સૌથી મહત્વના જળમાર્ગો હોર્મુઝ જલ સંધી અને બાબ-અલ-મંડબ અત્યારે બંધ પડયા છે. આ હુમલાઓ અને તણાવને લીધે સમુદ્રીય વ્યાપાર બંધ સમાન છે. હૂતી આતંકીઓએ એક નાના એવા માલવાહક જહાજ ઉપર બે મિસાઈલ છોડતા છનાં મૃત્યુ થયા છે. તો બીજી તરફ હોર્મુઝ સ્ટ્રેઈટસમાંથી જહાજ નીકળી મસ્કતના ગલ્ફ તરફ જતાં જહાજ ઉપર અમેરિકાએ (અમેરિકી નૌકા દળે) મિસાઈલ છોડી તેનો મિશનરૂમ જ તોડી નાખતા જહાજ એક ખોખુ બની ગયું છે. તે આગળ વધી શકે તેમ જ નથી. બીજા જહાજો પણ ગલ્ફ ઓફ ઈરાનમાં અટકીને ઉભા છે. તેમાં તેલ વાહક જહાજો પણ છે. પરિણામ સહજ છે. ફરી તેલની કટોકટી ઉભી થશે. સાથે વિશ્વ બજારમાં તેલના ભાવ ઊંચકાશે, ફરી મોંઘવારી વધશે.

રાતા સમુદ્ર ઉપર તો હૂતીનું ચક્રવર્તી શાસન ચાલે છે. સઉદી અરબસ્તાનમાંથી તેલ લઈને આવતું કોઈ પણ જહાજ બાળ-અલ-મંડેબના સાંકડા જળમાર્ગમાંથી એડનના અખાતમાં જઈ શકતું નથી. પરિણામે બંને તરફથી તેલનો પ્રવાહ બંધ છે.

તેથી તેલના ભાવ વધવાના જ છે. જેની વૈશ્વિક અર્થતંત્ર પર સીધી અસર પડવાની છે.ઈરાન-અમેરિકા યુધ્ધ છેવટે વિશ્વ યુધ્ધ જ નોતરશે તેમ કહેતા વિશ્લેષકો જણાવે છે કે છેવટે તો તે સંભવિત ત્રીજુ વિશ્વયુધ્ધ ગમે ત્યારે બંધ તો થશે જ. તે સાથે ઈરાન-અમેરિકા યુધ્ધનો અંત આવશે.

# ચોમાસું આક્રમક બનવાની સંભાવના

### ૧૮ મી સુધી અનેક રાજ્યોમાં IMDનું એલર્ટ

નવી દિલ્હી, તા.૧૨

ભારતીય હવામાન વિભાગ (ઈંખઉ) અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર અને મોન્સૂન સિસ્ટમ સક્રિય થવાને કારણે ૧૩થી ૧૮ ઓગસ્ટ દરમિયાન દેશના મોટાભાગના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. સૌથી વધુ સંકટ પશ્ચિમ બંગાળ અને ઓડિશા પર છે જ્યાં અત્યંત ભારે વરસાદની ચેતવણી અપાઈ છે. આ ઉપરાંત દિલ્હી-ગઈછ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દક્ષિણ ભારતના રાજ્યો અને પૂર્વોત્તર ભારતમાં પણ આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદનો નવો તબક્કો શરૂ થશે.રાજધાની દિલ્હીમાં ૧૩ ઓગસ્ટે આકાશ વાદળછાયું રહેશે. દક્ષિણ હરિયાણા પર સર્જાયેલી ચક્રવાતી સિસ્ટમના કારણે દિલ્હી-ગઈછના કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે હળવો



વરસાદ પડી શકે છે, જેનાથી વાતાવરણ આહલાદક બનશે.ઉત્તર પ્રદેશમાં ૧૩ ઓગસ્ટે વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ રહેશે. પૂર્વ યુપીમાં ૧૪થી ૧૮ ઓગસ્ટ અને પશ્ચિમ યુપીમાં ૧૪થી ૧૭ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદની શક્યતા છે, જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડમાં ૧૩, ૧૫ અને ૧૮ ઓગસ્ટે ભારે વરસાદની શક્યતા છે, જ્યારે ૧૪, ૧૬ અને ૧૭ ઓગસ્ટે અત્યંત ભારે વરસાદનું એલર્ટ છે. તેજ વરસાદને કારણે ભૂસ્ખલન અને નદીઓના જળસ્તર વધવાની ભીતિ છે. બિહારમાં ૧૩ ઓગસ્ટે સામાન્ય વરસાદ બાદ ૧૪થી ૧૮ ઓગસ્ટ વચ્ચે રાજ્યના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થશે. હવામાન વિભાગે લોકોને વીજળી પડવાના જોખમથી બચવા ખુલ્લામાં ન જવાની સલાહ આપી છે. ઝારખંડમાં ૧૩, ૧૫ અને ૧૬ ઓગસ્ટે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડશે, જ્યારે ૧૪ ઓગસ્ટે રાજ્યમાં ખૂબ જ ભારે વરસાદનું પૂર્વાનુમાન છે. લોકોને ઝાડ અને પાવરના થાંભલાઓથી દૂર રહેવા જણાવાયું છે.બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમના કારણે પશ્ચિમ બંગાળમાં ૧૩ ઓગસ્ટે અત્યંત ભારે વરસાદ પડી શકે છે. દરિયામાં કરંટ હોવાથી માછીમારોને ૧૫ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા તાકીદ કરાઈ છે.ઓડિશામાં પણ બંગાળની ખાડીના લો પ્રેશરના લીધે ૧૩થી ૧૬ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તેજ પવનો ફૂંકાવાની શક્યતા છે.મધ્ય પ્રદેશમાં લો પ્રેશરથી જળબંબાકારની સ્થિતિ ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશમાં લો પ્રેશર સક્રિય હોવાથી પશ્ચિમ એમપીમાં ૧૩ ઓગસ્ટે અને પૂર્વ એમપીમાં ૧૫ તથા ૧૬ ઓગસ્ટે ભારેથી અતિભારે વરસાદ થવાની પૂરી શક્યતા છે. છત્તીસગઢમાં માનસૂન સિસ્ટમ મજબૂત હોવાને કારણે ૧૩ અને ૧૪ ઓગસ્ટે મોટાભાગનાવિસ્તારોમાં ખૂબ જ ભારે વરસાદ પડી શકે છે.રાજસ્થાનના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ૧૩ ઓગસ્ટે તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદ થશે. ખાસ કરીને પૂર્વ રાજસ્થાનમાં ૧૩ અને ૧૪ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી છે.મહારાષ્ટ્રના કોંકણ અને ગોવામાં ૧૩થી ૧૫ ઓગસ્ટ સુધી, જ્યારે મધ્ય મહારાષ્ટ્રમાં ૧૩, ૧૫ અને ૧૬ ઓગસ્ટે ભારે વરસાદ પડશે. ૧૩ અને ૧૪ ઓગસ્ટે કેટલીક જગ્યાએ ખૂબ જ ભારે વરસાદ થઈ શકે છે.ગુજરાતમાં પણ ચોમાસુ સિસ્ટમની અસર જોવા મળશે અને ૧૩ ઓગસ્ટે રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.દક્ષિણ હરિયાણા પર બનેલા સાયક્લોનિક સરક્યુલેશનના કારણે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી વાતાવરણ બની રહેશે અને કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થશે.જમ્મુ-કાશ્મીરમાં પણ ૧૩ ઓગસ્ટે અલગ-અલગ સ્થળોએ હળવાથી મધ્યમ અને ભારે વરસાદી ઝાપટાં પડી શકે છે.

# હોર્મુઝની ખાડીમાં સ્ટીલની દીવાલ ઊભી કરતું અમેરિકા

## ડોનાલ્ડ ટ્રમ્પનો મોટો દાવો, ઈરાન પર પણ સાધ્યું નિશાન

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં 'સ્ટીલની દીવાલ' ઊભી કરવાનો દાવો કર્યો છે. ટ્રુથ સોશિયલ પર તેમણે લખ્યું કે ઈરાન હવે મિડલ ઈસ્ટનો દાદા રહ્યો નથી, ત્યાં ફુગાવો 300% પહોંચ્યો છે. ટ્રમ્પના મતે, અમેરિકાનું ખાડી પર સંપૂર્ણ નિયંત્રણ છે અને ઈરાન આર્થિક રીતે કંગાળ બન્યું છે. ઈરાન પાસે હવે નેવી કે એરફોર્સ પણ નથી.અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ હોર્મુઝની ખાડી માં 'સ્ટીલની દીવાલ' ઊભી કરી દીધી છે અને આ સ્થિતિ આગળ પણ જાળવી રાખવામાં આવશે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું છે કે એક સમયે મિડલ ઈસ્ટનો દાદા ગણાતો ઈરાન હવે પહેલા જેવો રહ્યો નથી. ત્યાં ફુગાવો 300% સુધી પહોંચી ગયો છે અને તેમની સ્થિતિ સતત બગડી રહી




છે.ડોનાલ્ડ ટ્રમ્પ એ પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'હું માનું છું કે અમે આ નિયંત્રણ જાળવી રાખીશું! આપણી નૌસૈનિક નાકેબંધીને દરેક વ્યક્તિ 'સ્ટીલની દીવાલ' કહી રહી છે અને ઈરાન આ અંગે કશું જ કરી શકે તેમ નથી.' તેમણે ઉમેર્યું કે હોર્મુઝની ખાડી પર હવે અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ છે.ઈરાનની વર્તમાન પરિસ્થિતિ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે ઈરાન પાસે હવે ન તો નેવી બચી છે કે ન તો એરફોર્સ. તેમના બાકી રહેલા સૈનિકોને પગાર પણ મળી રહ્યો નથી. ઈછ્રઙ્ઘઈ તબાહ થઈ ચૂક્યું છે અને તેના જવાનો ભાગી રહ્યા છે, જ્યારે દેશનું નેતૃત્વ અનિશ્ચિત છે. ઈરાન પાસે નાણાં બચ્યા નથી અને આખો દેશ બરબાદ થઈ ચૂક્યો છે.ઈરાને અમેરિકા સાથે સીઝફાયરને લઈને કોઈ પણ નવા કરાર કરવાનો ઈનકાર કર્યા બાદ ટ્રમ્પનું આ નિવેદન સામે આવ્યું છે. ટ્રમ્પે કટાક્ષ કરતા લખ્યું કે ઈરાન પાસે હવે માત્ર ફેક ન્યૂઝ અને 300% મોંઘવારી સિવાય કશું નથી. ઈરાન માત્ર વાતો કરે છે, કોઈ પગલાં ભરી શકતું નથી અને હવે તે મિડલ ઈસ્ટનો દાદા રહ્યો નથી.

# નાપાક આર્મીની બર્બરતા: બલૂચિસ્તાન પંથકમાં ૨૮ની હત્યા

## સુરાબ જિલ્લાના ગૌનદાન ગામમાં હવાઈ હુમલો કર્યો : મૃતકોમાં ૯ બાળકો, ૭ મહિલાઓ, ૧૨ પુરુષોનો સમાવેશ

નવી દિલ્હી, તા.૧૨

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાની કથિત હવાઈ કાર્યવાહીનો એક અત્યંત ભયાનક મામલો સામે આવ્યો છે. સુરાબ જિલ્લાના ગૌનદાન ગામમાં ૧૨ ઓગસ્ટની મોડી રાત્રે થયેલા આ હુમલામાં ૯ માસૂમ બાળકો, ૭ મહિલાઓ અને ૧૨ પુરુષો સહિત ૨૮ બલોચ નાગરિકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૭ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.સ્થાનિક અહેવાલો અનુસાર, રાત્રે લગભગ ૨:૦૦ વાગ્યે જ્યારે ગૌનદાન ગામના લોકો ગાઢ નિદ્રામાં હતા, ત્યારે પાકિસ્તાની સેનાના લડાકુ વિમાનોએ ગામના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવીને બોમ્બમારો કર્યો હતો. ભયાનક બોમ્બ વિસ્ફોટોથી સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઉઠયો હતો અને અનેક મકાનો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. હુમલા બાદ ગામમાં ચારેતરફ ચીસો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનો કાટમાળ હટાવીને પોતાના પરિવારજનોને શોધતા નજરે પડ્યા હતા.ધ બલૂચિસ્તાન પોસ્ટના રિપોર્ટ અને સ્થાનિક સૂત્રોના દાવા મુજબ, આ હવાઈ હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં ૯ બાળકો અને ૭ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઘાયલ થયેલા ૧૭ થી વધુ લોકોમાં પણ બાળકોની સંખ્યા નોંધપાત્ર છે. પોલીસ અને સ્થાનિકો દ્વારા ઘાયલો અને મૃતકોને સુરાબની ડીએચક્યુ (ઉઈચ) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેટલાક ઘાયલોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. સ્થાનિકોનું માનવું છે કે વાસ્તવિક મૃત્યુઆંક આ આંકડા કરતાં પણ વધુ હોઈ શકે છે.આ બર્બર ઘટનાના વિરોધમાં મૃતકોના પરિવારજનો અને સ્થાનિક લોકો સુરાબના મુખ્ય ચોકમાં એકઠા થયા હતા. આક્રોશે ભરાયેલા લોકોએ ક્વેટા-



કરાચી મુખ્ય માર્ગ (ગ-૨૫) પર મૃતદેહો રાખીને ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. જેના કારણે હાઈવે પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પ્રદર્શનકારીઓએ જ્યાં સુધી તેમની માંગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી ધરણાં ચાલુ રાખવાની જાહેરાત કરી છે.આ હુમલા બાદ બલૂચ એકતા સમિતિએ ભારે વિરોધ નોંધાવ્યો છે અને મહિલાઓ-બાળકોનાં મોત અંગે ઉંડી ચિંતા વ્યક્ત કરી જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરી છે. બલૂચિસ્તાન નેશનલ પાર્ટીના વડા સરદાર અખ્તર મેંગલે પણ આ ઘટનાની આકરી ટીકા કરતા સવાલ કર્યો હતો કે, ''શું આ બાળકો ઉગ્રવાદી જેવા દેખાય છે? આ નિર્દોષ બાળકો છે, તેમનો શું વાંક હતો? બાળકોને મારીને ક્યારેય શાંતિ સ્થાપિત થઈ શકે છે? શું આ પેલેસ્ટાઈન છે? શું આ કાશ્મીર છે? નહીં, આ બલૂચિસ્તાન છે.''એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ઘટનાના એક દિવસ પહેલાં જ બલૂચિસ્તાનના કેટલાક વિસ્તારોમાં લોકો દ્વારા પાકિસ્તાનથી 'આઝાદી'ના સમર્થનમાં કાર્યક્રમો યોજાયા હતા. રસ્તાઓ પર બલૂચ ધ્વજ લહેરાવીને પાકિસ્તાની સરકાર તથા સેનાના વિરોધમાં નારા લગાવવામાં આવ્યા હતા. સ્થાનિકો માને છે કે આ વિરોધ પ્રદર્શનો બાદ બલૂચ લોકોમાં ભય અને દહેશત ફેલાવવાના ઈરાદાથી જ ગૌનદાન ગામને નિશાન બનાવવામાં આવ્યું છે. જોકે, આ ઘટના અંગે પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

# સોનાના વેપારી સાથે ૯૧.૯૬ લાખની છેતરપિંડી

## વિશ્વાસઘાત કરી ૬૦૫ ગ્રામ ફાઈન સોનું ઓળવી જનાર સામે ગુનોઃ દિવાનપરામાં 'સુવર્ણ જ્યોતિ ક્રિએશન' ચલાવતા વેપારી પાસેથી રો-મટીરીયલ ચેઈન બનાવવાના બહાને લીધેલું સોનું પરત ન આપતા એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરમાં વ્યાપારિક સંબંધોમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના દિવાનપરા વિસ્તારમાં સોના-ચાંદીનું ઉત્પાદન કરતી પેઢીના માલિક સાથે આશરે ૯૧,૯૬,૦૦૦ ની માતબર કિંમતનું ૬૦૫.૧૪૦ ગ્રામ ફાઈન સોનું ઓળવી જવામાં આવ્યું છે. આ મામલે રાજકોટના એ-ડિવિઝન પોલીસ મથકમાં રાજેશભાઈ હિંમતલાલ આડેસરા (ઉર્ફે રાજુભાઈ) (રહે. જય બુટભવાની મકાન, જૂના એરપોર્ટ પાસે, રાજકોટ) સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, પ્રહલાદ પ્લોટમાં રહેતા અને દિવાનપરા શેરી નં. ૧૦ માં શ્રી હરી બિલ્ડીંગ ખાતે 'સુવર્ણ જ્યોતિ ક્રિએશન એલ.એલ.પી.' નામે પેઢી ચલાવતા દિવ્યેશભાઈ મહેન્દ્રભાઈ પાટડીયા (ઉ.વ. ૫૦) એ આ અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. તેમની પેઢી ઓર્ડર મુજબ સોનાની રો-મટીરીયલ બોક્સ ચેઈન બનાવવાનું કામ કરે છે. આશરે દોઢેક વર્ષ અગાઉ તેમની ઓળખાણ રાજેશભાઈ હિંમતલાલ આડેસરા (ઉર્ફે રાજુભાઈ) (રહે. જય બુટભવાની મકાન, જૂના એરપોર્ટ પાસે, રાજકોટ) સાથે થઈ હતી. રાજેશભાઈ અવારનવાર ચેઈન બનાવવાનો ઓર્ડર આપતા અને પેમેન્ટ સ્વરૂપે ફાઈન સોનું આપતા હતા, જેમાં દિવ્યેશભાઈને ૦.૮૦૦ ટકા કમિશન મળતું હતું. નિયમિત અને સારા વ્યવહારને કારણે ફરિયાદીને આરોપી પર પૂરો વિશ્વાસ બેસી ગયો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, અગાઉના વ્યવહારના હિસાબ પેટે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીનું ૩૩૯.૮૧૦ ગ્રામ ફાઈન સોનું ફરિયાદીએ આરોપી પાસેથી લેવાનું બાકી હતું. ત્યારબાદ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૨૪ માર્ચ ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન આરોપી રાજેશભાઈ, તેમના દીકરા જેનીશભાઈ અને તેમની સાથે કામ કરતા અન્ય માણસોએ અલગ-અલગ સમયે વધુ સોનું ચેઈન બનાવવા માટે આપ્યું હતું. આમ, જૂનો હિસાબ અને નવા વ્યવહારો મળીને કુલ ૯૮૭.૩૭૦ ગ્રામ ફાઈન સોનું રો-મટીરીયલ બોક્સ ચેઈન બનાવીને ફરિયાદીએ આરોપીને આપેલ હતું.

આરોપી રાજેશભાઈ આડેસરાએ આ કુલ લેણામાંથી માત્ર ૩૮૨.૨૩૦ ગ્રામ ફાઈન સોનું ફરિયાદીને પરત કર્યું હતું. જ્યારે બાકીનું ૬૦૫.૧૪૦ ગ્રામ ફાઈન સોનું પરત આપવામાં ગલ્લા-તલ્લા શરૂ કર્યા હતા. આ ૬૦૫.૧૪૦ ગ્રામ ફાઈન સોનાની હાલની બજાર કિંમત આશરે રૂ. ૯૧,૯૬,૦૦૦ (એકાણું લાખ છન્નું હજાર) જેટલી થવા જાય છે. મોટી કિંમતનું આ સોનું પરત ન આપીને આરોપીએ ફરિયાદી સાથે આયોજનબદ્ધ રીતે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

વારંવારની ઉઘરાણી છતાં સોનું પરત ન મળતા, અંતે દિવ્યેશભાઈ પાટડીયાએ કાયદાનો આશરો લીધો છે. તેમની ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસે આરોપી રાજેશભાઈ હિંમતલાલ આડેસરા વિરુદ્ધ બી.એન.એસ. (ઇગજ) ની કલમ ૩૧૬(૫) હેઠળ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે. આ હાઈ-પ્રોફાઈલ છેતરપિંડીના કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ. આર. ચાવડા ચલાવી રહ્યા છે.

# કારમાં ૮.૨૭ લાખનો દારૂ સાથે એક ઝડપાયો

## વેજાગામથી વાજડીગઢ રોડ પર કારમાંથી ૧.૦૨ લાખથી વધુ કિંમતની ૧૫૬ બોટલ વિદેશી દારૂ પકડાયો; ચોટીલાનો સાગરીત વોન્ટેડ



રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરમાં દારૂ તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનની ટીમે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. વેજાગામ તરફથી વાજડીગઢ તરફ જતાં માર્ગ પરથી કાળા રંગની ક્રેટા કારમાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી કાર ચાલક રૈયાગામ સ્મશાન સામે, રાજકોટના બીપીન રમેશભાઇ સોલંકીને ૮.૨૭ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૨) રાકેશ દેસાઈ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર (પશ્ચિમ વિભાગ) આર.એસ. બારીઆના સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.કે. ગોહિલની સૂચનાથી ડી-સ્ટાફ પીએસઆઈ એસ.એન. શ્યોરા તથા ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.

દરમિયાન, હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ કે. જાડેજા અને કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ ટી. જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે, એક કાળા રંગની ક્રેટા ફોરવ્હીલ ગાડી વેજાગામ તરફથી વાજડીગઢ તરફ જતાં રોડ પરથી પસાર થવાની છે અને તેમાં ઇંગ્લિશ દારૂનો જથ્થો છુપાવેલો છે. બાતમીના આધારે પીઆઈ કે.કે. ગોહિલ, પીએસઆઈ એસ.એન. શ્યોરાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જગમાલભાઇ ખટાણા, હેડ કોન્સ્ટેબલ વિજુભા જાડેજા, મહીપાલસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ કે. જાડેજા, કરણભાઇ મારૂ, દિવ્યરાજસિંહ સાવજુભા જાડેજા તેમજ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ સુખદેવસિંહ, પ્રવિણભાઇ જતાપરા અને દિવ્યરાજસિંહ ટી. જાડેજા દ્વારાએ ટીમ બનાવી બાતમી સ્થળે વોચ ગોઠવી હતી.

દરમિયાન ત્યાંથી પસાર થયેલી શંકાસ્પદ કારને અટકાવી તેની ડેકી પાછળની સીટ પર તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી દારૂ, વૈભવી કાર અને મોબાઈલ મળી ૮,૨૭,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે, બીપીન રમેશભાઇ સોલંકી (રહે. રૈયાગામ સ્મશાન સામે, રાજકોટ) ને અટકાયતમાં લીધો છે. જ્યારે આ ગુનામાં સંકળાયેલ અન્ય આરોપી મહેન્દ્રભાઇ ઉર્ફે સોમકુ ગભરૂભાઇ ખાચર (રહે. મોટી મોલડી, તા. ચોટીલા) શોધખોળ આદરાઈ છે. પકડાયેલા આરોપી બીપીન રમેશભાઇ સોલંકી અગાઉ પણ દારૂના અનેક ગુનાઓમાં સંકળાયેલો રહ્યો છે. તેની વિરૂદ્ધ ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) દારૂનાપાંચ જેટલા ગુના નોંધાયેલા છે.

# પેટમાંથી ૩૦ કિલો પ્લાસ્ટિક કાઢી બચાવી ગાય!

## પશુ એમ્બ્યુલન્સની ટીમે ૪ કલાકના સફળ ઓપરેશન પાર પાડ્યુંઃ ગાયના કોઠા (રૂમેન) માંથી પ્લાસ્ટિક ઉપરાંત બૂટની દોરી અને બેગની ચેઈન પણ નીકળતા પશુપાલકો અને તબીબો ચોંક્યા; ત્રણ ગામની મેડિકલ ટીમે ભારે જહેમત ઉઠાવી ગાયને પીડામાંથી મુક્ત કરી



રાજકોટ, તા,૧૨

આજના સમયમાં રખડતા પશુઓ દ્વારા કચરામાંથી પ્લાસ્ટિક ખાઈ જવાના કારણે તેમના જીવ પર મોટું જોખમ ઊભું થતું હોય છે. આવી જ એક અત્યંત પીડાદાયક ઘટના ચાંદલી ગામે સામે આવી હતી, પરંતુ ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સની ટીમના સમયસૂચકતા અને સઘન પ્રયાસોથી એક ગૌમાતાને નવજીવન બક્ષવામાં આવ્યું છે. ચાંદલી ગામે રહેતા પશુપાલક સુરેશભાઈ સોરઠીયાની ગાયના પેટમાંથી અધધ ૨૫ થી ૩૦ કિલો જેટલો પ્લાસ્ટિકનો કચરો સફળ ઓપરેશન દ્વારા બહાર કાઢવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ચાંદલી ગામના સુરેશભાઈ સોરઠીયાની ગાય છેલ્લા કેટલાક સમયથી તકલીફમાં હતી. તાજેતરમાં સુરેશભાઈએ ગાયના મળમાં પ્લાસ્ટિકનો એક નાનકડો ટુકડો નીકળતો જોયો હતો. આ જોઈને તેમને ગાયના કોઠા (પેટના મુખ્ય ભાગ) માં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો ભરાવો હોવાની આશંકા ગઈ હતી. આ જીવલેણ સમસ્યાના નિવારણ માટે તેમણે તાત્કાલિક ધોરણે ચીભડા કેન્દ્રની ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સના ડો. સ્મિત સાંગાણીનો સંપર્ક સાધ્યો હતો.કોલ મળતા જ ડો. સ્મિત સાંગાણી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે ગાયની સઘન પ્રાથમિક તપાસ કરી હતી, જેમાં નિદાન થયું હતુ કે ગાયના કોઠામાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો ભરાવો થઈ ચૂક્યો છે અને તે ગાયના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. આ પરિસ્થિતિને જોતા ડો. સાંગાણીએ ગાયને બચાવવા માટે તાત્કાલિક 'રૂમેનોટોમી' (છીળયક્ષજ્ઞજ્ઞિંળુ - ઓગાળના કોઠાનું ઓપરેશન) કરવાનો નિર્ણય લીધો હતો.ગાયના પેટમાં રહેલા કચરાનું પ્રમાણ ઘણું મોટું હોવાથી આ ઓપરેશન પડકારજનક હતું. ગત તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ આ વિશેષ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાકીય અને જટિલ કાર્ય માટે ચીભડા, મોવિયા અને સાલપીપળીયા એમ ત્રણ અલગ-અલગ કેન્દ્રોની પશુ એમ્બ્યુલન્સની મેડિકલ ટીમો એકસાથે જોડાઈ હતી. જેમાં ડો. સ્મિત સાંગાણી, ડો. આનંદ વૈષ્નાણી અને ડો. ઉર્મિલ દલસાણીયાએ સાથે મળીને સતત ચાર કલાક સુધી ભારે પરિશ્રમ કરી આ જટિલ ઓપરેશન પાર પાડ્યું હતું. આ ઓપરેશનમાં એમ્બ્યુલન્સના પાયલોટ હિતેન્દ્રસિંહ જાડેજા, સંદીપભાઈ ચુડાસમા અને જયપાલસિંહ જાડેજાએ પણ ડોક્ટરોને સતત મદદ પૂરી પાડી હતી.ટીમે ગાયનો કોઠો સંપૂર્ણપણે સાફ કરી, સફળતાપૂર્વક ઓપરેશન પૂર્ણ કર્યું હતું. આ ભારે ઓપરેશન બાદ ગૌમાતાને અસહ્ય પીડામાંથી મુક્તિ મળી હતી. પશુપાલક સુરેશભાઈએ ૧૯૬૨ ની આખી ટીમનો આભાર માન્યો હતો. આ ઘટના ફરી એકવાર પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ અને તેને ખુલ્લામાં ફેંકવાની આપણી આદત સામે લાલબત્તી ધરે છે.

# લોનની લાલચ આપી છેતરપિંડી

## રાજકોટની 'મેશન ક્લબ મંડળી'ના ડિરેક્ટર સહિત ૩ સામે નકલી ભાડા કરાર બનાવ્યાની એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ




રાજકોટ, તા.૧૨

લોન આપવાના બહાને મકાન કે દુકાનના દસ્તાવેજો અને આધારકાર્ડ મેળવી, તેનો દુરુપયોગ કરી ખોટો ભાડા કરાર બનાવી છેતરપિંડી આચરવાનો એક ચોંકાવનારો કિસ્સો રાજકોટમાં પ્રકાશમાં આવ્યો છે. ગીર સોમનાથના એક મહિલાએ રાજકોટના રૈયા રોડ પર આવેલી 'મેશન ક્લબ કો.ઓ.હા. સોસાયટી લી.'ના ડિરેક્ટર અને અન્ય બે શખ્સો સામે ખોટો ભાડા કરાર ઊભો કરી છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ રોડ પર રહેતા દિવ્યાબેન મણીલાલ ચાંદેરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની માલિકીની એક દુકાન ઊનાના ભાવનગર રોડ પર આવેલી છે. તેમના પતિ મણીલાલને નાણાકીય જરૂરિયાત હોવાથી, તેઓએ આ દુકાન પર લોન લેવાનું નક્કી કર્યું હતું.

લોન માટે તેમના પતિ રાજકોટમાં રૈયા રોડ, વૈશાલીનગર શેરી નં-૭ માં આવેલી 'મેશન ક્લબ મંડળી' ની ઓફિસે ગયા હતા. ત્યાં તેમની મુલાકાત મંડળીના ડિરેક્ટર પરાગ સોલંકી અને ત્યાં નોકરી કરતા નિશાંત દવે સાથે થઈ હતી. આરોપીઓએ લોન મંજૂર કરાવવા માટે દુકાનના દસ્તાવેજોની નકલ, દિવ્યાબેનના પાંચ પાસપોર્ટ સાઇઝના ફોટા અને આધારકાર્ડની નકલો માંગી હતી, જે ફરિયાદીના પતિએ વિશ્વાસમાં આવીને આપી દીધી હતી.

દસ્તાવેજો આપ્યા બાદ લાંબો સમય વીતવા છતાં લોન પાસ ન થતા અને આરોપીઓએ યોગ્ય જવાબ ન આપી મોબાઇલ નંબર બ્લોક કરી દેતા ફરિયાદીને શંકા ગઈ હતી. આ દરમિયાન, વીરપુરના હિતેષભાઈ નિમાવત નામના એક વ્યક્તિ ફરિયાદીની ઊનાવાળી દુકાને આવ્યા હતા. તેમણે જણાવ્યું કે 'મેશન ક્લબ મંડળી'એ તેમના પર કોર્ટમાં કેસ કર્યો છે અને તેમાં મંડળીની ઓફિસનું સરનામું ફરિયાદીની ઊનાવાળી દુકાનનું દર્શાવેલ છે. આ સાંભળીને ફરિયાદી અને તેમના પતિ ચોંકી ઉઠ્યા હતા.

આ અંગે વકીલ મારફતે તપાસ કરાવતા સામે આવ્યું કે, આરોપી પરાગ સોલંકી અને નિશાંત દવેએ ફરિયાદીના ફોટા અને દસ્તાવેજોનો ખોટો ઉપયોગ કરી, ગત તા. ૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મોન્ટુ વિનોદભાઈ ટાંક નામના વ્યક્તિના નામે ખોટો ભાડા કરાર બનાવી દીધો હતો. આ નકલી ભાડા કરાર રાજકોટ જૂની કોર્ટ સામે આવેલ નોટરીની ઓફિસમાં નોંધાવીને, ફરિયાદીની ઊનાની દુકાનને મંડળીની ઓફિસ તરીકે ગેરકાયદેસર રીતે દર્શાવવામાં આવી હતી.

આ અંગે ફરિયાદીએ રાજકોટ પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી કરી હતી. ઈકોનોમિક ઓફેન્સ વિંગની તપાસ બાદ, આખરે આ મામલે મેશન ક્લબના ડિરેક્ટર પરાગભાઈ સોલંકી, કર્મચારી નિશાંત દવે અને મોન્ટુ વિનોદભાઈ ટાંક એમ ત્રણ વ્યક્તિઓ સામે ગુનાહિત કાવતરું રચી, છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવા બદલ રાજકોટ શહેર પોલીસ મથકમાં પો. સબ ઈન્સ. ડી.વાય. મહંત સમક્ષ વિધિવત ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ હવે આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે કે આ મંડળીએ અન્ય કેટલા લોકો સાથે આ પ્રકારે છેતરપિંડી કરી છે.

## રાજકોટમાં કાળુભાઈ પઢિયારે પોતે માતાજીના ભુવા હોવાની ઓળખ આપી કમલેશભાઈના ઘરમાં રૂમ ભાડે રાખી માતાજીનું અનુષ્ઠાન શરૂ કર્યું, પછી પોતે દુબઈથી ૧૦ કિલોગ્રામ સુધીનું સોનું લાવવાનું લાયસન્સ ધરાવે છે તેવી વાત કરી જાળ બિછાવી

# દુબઈથી સસ્તું સોનું અને ડોલરના નામે ૩૫.૩૦ લાખની ઠગાઈ

## મચ્છાનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતા પશુપાલક કમલેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણાની બી.ડીવીઝનમાં ફરિયાદ




રાજકોટ, તા.૧૨

દુબઈથી બજાર ભાવ કરતાં ૫૦% સસ્તા ભાવે સોનાના બિસ્કિટ અપાવવાની તેમજ ડોલર વટાવી આપવાની લાલચ આપીને રાજકોટના ત્રણ નાગરિકો સાથે રૂ. ૩૫.૩૦ લાખની મોટી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે રાજકોટના બી.ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.રાજકોટના મચ્છાનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા કમલેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણાએ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મૂળ ગઢડા (જી. બોટાદ)ના જલાલપુર ગામના વતની અને હાલ રાજકોટના હસનવાડી વિસ્તારમાં ભાડેથી રહેતા કાળુભાઈ માનસિંગભાઈ પઢિયાર સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ કાળુભાઈ પઢિયારે પોતે માતાજીના ભુવા હોવાની ઓળખ આપી કમલેશભાઈના ઘરમાં રૂમ ભાડે રાખી માતાજીનું અનુષ્ઠાન શરૂ કર્યું હતું. ત્યારબાદ તેણે પોતે દુબઈથી ૧૦ કિલોગ્રામ સુધીનું સોનું લાવવાનું લાયસન્સ ધરાવે છે તેવી વાત કરી, બજાર કિંમત કરતાં ૫૦% સસ્તા ભાવે ૧૦૦ ગ્રામ સોનાનું બિસ્કિટ રૂ. ૮,૦૦,૦૦૦માં) આપવાની લાલચ આપી હતી.

કમલેશભાઈને વિશ્વાસમાં લેવા માટે કાળુભાઈએ શરૂઆતમાં સોનાનું એક બિસ્કિટ આપી સોની પાસે ટચ કરાવી સાચું હોવાની ખાતરી કરાવી હતી. ત્યારબાદ તબક્કાવાર સોનાના બિસ્કિટના એડવાન્સ પેટે, બોર્ડર પર માલ છોડાવવાના નામે અને અલગ-અલગ બહાના હેઠળ કમલેશભાઈ પાસેથી કુલ રૂ. ૧૫,૯૦,૦૦૦ મેળવી લીધા હતા. આ ઉપરાંત, કમલેશભાઈની ટાટા સફારી ગાડી રૂ. ૧,૦૦,૦૦૦માં સોદો નક્કી કરી માત્ર રૂ. ૪૦,૦૦૦ આપી રૂ. ૬૦,૦૦૦ બાકી રાખી ગાડી પણ પચાવી પાડી હતી.

કાળુભાઈ પઢિયારે માત્ર કમલેશભાઈ જ નહીં પરંતુ અન્ય બે વ્યક્તિઓને પણ આવી જ રીતે શિકાર બનાવ્યા હતા. જેમાં વિનયસિંહ દિલુભા જાડેજાઃ સોનાના બિસ્કિટ અપાવવાની લાલચ આપી તેમની પાસેથી રૂ. ૯,૫૦,૦૦૦ પડાવી લીધા. તેમજ યાજ્ઞિકભાઈ રમણીકભાઈ મોલીયા પાસેથી ડોલરને ભારતીય કરન્સીમાં બદલી આપવાના રૂ. ૧૦,૦૦,૦૦૦ સામે રૂ. ૩૦,૦૦,૦૦૦ આપવાના વચનો આપી તેમની પાસેથી રૂ. ૯,૩૦,૦૦૦ લઈ લીધા હતાં. આમ, આરોપી કાળુભાઈ માનસિંગભાઈ પઢિયારે ત્રણેય ફરિયાદીઓ મળીને કુલ રૂ. ૩૫,૩૦,૦૦૦ (ત્રીસ લાખ ત્રીસ હજાર) ની છેતરપિંડી આચરી હતી. રૂપિયા કે સોનું પરત ન આપતાં અને આપેલા ૧૦ લાખના ચેક પણ બેંકમાં 'ફંડ્સ ઈન્સફિશિયન્ટ' (અપૂરતું બેલેન્સ)ના કારણે બાઉન્સ થતાં આખરે કમલેશભાઈ મકવાણાએ પોલીસ કમિશનરશ્રીને અરજી કર્યા બાદ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલમાં થેલેસેમિયા પીડિત બાળકોની દવા-ઈન્જેક્શનની અછત મુદ્દે રાજકારણ ગરમાયું



## AAPએ કલેકટરને પાઠવ્યું આવેદનઃ ધારાસભ્યોની નીતિ અને મૌન સામે આકરા પ્રહારો

રાજકોટ, તા. ૧૨.

રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે થેલેસેમિયા જેવી ગંભીર બીમારીથી પીડાતા નિર્દોષ બાળકો માટે જરૂરી દવાઓ અને ઈન્જેક્શનનો જથ્થો લાંબા સમયથી ખલાસ થઈ ગયો હોવાના કારણે થેલેસેમિયાના બાળ દર્દીઓ અને તેમના પરિવારોને ભારે યાતનાઓ વેઠવી પડી રહી છે. આ સંવેદનશીલ અને ગંભીર મુદ્દે સરકારનું ધ્યાન દોરવા માટે તાજેતરમાં પીડિત બાળકોના વાલીઓએ વ્યંગાત્મક અને વેદનાસભર વિરોધ કાર્યક્રમ યોજ્યો હતો. આ ઘટના બાદ હવે વિપક્ષી પક્ષ આમ આદમી પાર્ટીએ પણ આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું છે.

આમ આદમી પાર્ટી (અઅક) રાજકોટ શહેર દ્વારા રાજકોટ કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે. આ આવેદનપત્ર મારફતે આરોગ્ય ક્ષેત્રે સરકાર દ્વારા કરવામાં આવતા મોટા મોટા દાવાઓ સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે તેમજ સ્થાનિક ભાજપના સાંસદો અને ધારાસભ્યોની નીતિ અને મૌન સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા છે.

આવેદનપત્રમાં રજૂ કરાયેલી વિગતો અનુસાર, રાજકોટની સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો નિયમિત સારવાર, લોહી ચડાવવાની પ્રક્રિયા અને તેને સંલગ્ન દવાઓ પર નિર્ભર રહે છે. આમ છતાં, આવા અત્યંત ગંભીર દર્દીઓ માટે જરૂરી જીવનરક્ષક દવાઓ જ હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. એક તરફ રાજ્ય સરકાર ગરીબ અને મધ્યમ વર્ગને શ્રેષ્ઠ સરકારી આરોગ્ય સુવિધાઓ આપવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ મુખ્ય સરકારી હોસ્પિટલમાં જ જરૂરી દવાઓનો અનામત જથ્થો ખૂટી પડે તે સરકારના દાવાઓની વાસ્તવિકતા ખુલ્લી પાડે છે.

વધુમાં, હોસ્પિટલ તંત્ર અને દર્દીઓના વાલીઓ વચ્ચે મોટો વિરોધાભાસ સામે આવ્યો છે. એક તરફ હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ પીડિત બાળકોના પરિવારજનો ખુલ્લેઆમ ચોક્કસ દવાઓ ન મળવાની અને ઉપલબ્ધ દવાની અસરકારકતા તથા ગુણવત્તા સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ માંગ કરી છે કે આ વિરોધાભાસી ચિત્ર અને સમગ્ર બાબતની તાત્કાલિક ધોરણે નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

આવેદનપત્રમાં સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ભૂમિકા સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજકોટમાંથી ભાજપના ધારાસભ્યો અને સાંસદો ચૂંટાઈને જનતાના પ્રતિનિધિ તરીકે ગૃહમાં પહોંચ્યા છે. પરંતુ જ્યારે માસૂમ બાળકોના જીવન અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલો આટલો મોટો પ્રશ્ન ઊભો થયો છે, ત્યારે આ નેતાઓની ચુપ્પી અત્યંત દુઃખદ અને શરમજનક છે. પ્રજાના પ્રશ્નો માટે સરકાર સામે અવાજ ઉઠાવવો એ જનપ્રતિનિધિઓની નૈતિક અને બંધારણીય જવાબદારી છે, પરંતુ રાજકોટના ભાજપના નેતાઓ સરકાર સામે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી. એવું લાગી રહ્યું છે કે સત્તાધારી પક્ષ સામે પ્રશ્નો ઉઠાવવાના મામલે સ્થાનિક નેતાઓના મોઢા પર તાળા લાગી ગયા છે અને તેમને જનતાની વ્યથા કરતાં પક્ષની વફાદારી વધારે મહત્વની લાગી રહી છે.

# ખાનગી સોસાયટીઓની સફાઈ માટે મળશે આર્થિક ગ્રાન્ટ

## દેશભરમાં 'સ્વચ્છ સર્વેક્ષણ'માં અવ્વલ આવવા માસ્ટર પ્લાન

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો લાવવા અને વહીવટી પ્રક્રિયાને વધુ લોકાભિમુખ બનાવવા માટે એક મહત્વપૂર્ણ યોજના પર વિચારણા હાથ ધરવામાં આવી છે. સામાન્ય રીતે શહેરની વિવિધ ખાનગી સોસાયટીઓમાંથી સફાઈ વ્યવસ્થાને લઈને દરરોજ અસંખ્ય ફરિયાદો કોર્પોરેશન સુધી પહોંચતી હોય છે. સફાઈ કામદારોનું અનિયમિત આવવું, કચરો યોગ્ય રીતે ન ઉપાડવો કે ગંદકીના કારણે રહીશો પરેશાન થતા હોય તેવી ફરિયાદોનો કાયમી ઉકેલ લાવવા માટે મનપાએ સોસાયટીઓને સીધી આર્થિક સ્વાયત્તતા આપવાનો એક નવો જ વચલો રસ્તો અપનાવ્યો છે. આ નવી યોજના અંતર્ગત મનપા દ્વારા હવે ખાનગી સોસાયટીઓને સફાઈ કામગીરી માટે સીધી આર્થિક ગ્રાન્ટ ફાળવી દેવામાં આવશે, જેથી સોસાયટીઓ પોતાની અનુકૂળતા મુજબ વ્યવસ્થા કરી શકે.આ યોજનાનો અમલ થતાં જ સોસાયટીઓએ સફાઈ માટેની તમામ વ્યવસ્થાઓ પોતાની રીતે જ ગોઠવવી પડશે. સોસાયટીના સત્તાધીશો અને રહીશોને સંતોષ થાય તે રીતે ગ્રાન્ટની રકમમાંથી સફાઈનું આયોજન કરી શકાશે. મનપા દ્વારા આ ગ્રાન્ટ યોજના અમલમાં લાવવા પાછળ એક મોટો અને દીર્ઘદ્રષ્ટિવાળો લક્ષ્યાંક છે. કેન્દ્ર સરકાર દ્વારા યોજાતા રાષ્ટ્રીય સ્તરના 'સ્વચ્છ સર્વેક્ષણ'માં રાજકોટ ૬૯૦ને સમગ્ર દેશમાં પ્રથમ એટલે કે અવ્વલ ક્રમે લાવવા માટે આ સઘન પ્રયાસો થઈ રહ્યા છે. મનપાનું માનવું છે કે જ્યાં સુધી ખાનગી સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારો આંતરિક રીતે સંપૂર્ણ સ્વચ્છ નહીં બને, ત્યાં સુધી સમગ્ર શહેરને નંબર વન બનાવવાનું સપનું સાકાર થઈ શકે નહીં. આથી જનભાગીદારી વધારવા અને દરેક નાગરિકને સ્વચ્છતાના આ મહાયજ્ઞમાં જોડવાના ભાગરૂપે આ યોજના ઝડપથી અમલી બનાવવાની સૈદ્ધાંતિક વિચારણા ચાલી રહી છે.જોકે આ યોજનાનો અર્થ એવો બિલકુલ નથી કે રાજકોટ મહાનગરપાલિકા પોતાની મૂળભૂત જવાબદારીઓમાંથી છટકી જશે. કોર્પોરેશન આર્થિક મદદ આપવાની સાથે પોતાનું સુપરવિઝન અને કડક મોનિટરિંગ સતત ચાલુ રાખશે. મનપાના આરોગ્ય અને સફાઈ વિભાગના અધિકારીઓ દ્વારા સોસાયટીઓમાં સફાઈ વ્યવસ્થા બરાબર ચાલે છે કે નહીં તેનું ડે-ટુ-ડે નિરીક્ષણ કરવામાં આવશે, જેથી સરકારી નાણાંનો દુરુપયોગ ન થાય અને સોસાયટીઓમાં વાસ્તવિક સ્તરે સ્વચ્છતા જળવાઈ રહે.યોજનામાં પારદર્શિતા અને ગુણવત્તા જાળવી રાખવા માટે મનપાએ કડક શરતો પણ મૂકી છે. દૈનિક મોનિટરિંગ દરમિયાન જો કોઈ સોસાયટીની સફાઈ વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની કમી કે બેદરકારી જોવા મળશે, તો તાકીદે પગલાં લેવાશે. એટલું જ નહીં, સોસાયટીના રહીશો તરફથી સફાઈ બાબતે કે ગ્રાન્ટના દુરુપયોગ અંગે કોર્પોરેશનને કોઈ ફરિયાદ મળશે, તો મનપા ક્રોસ વેરિફિકેશન કરીને સોસાયટીને અપાતી ગ્રાન્ટ તાત્કાલિક અસરે બંધ કરી દેશે. આ કડક જોગવાઈ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ગ્રાન્ટ મળ્યા પછી પણ સોસાયટીના પદાધિકારીઓ સફાઈના કામમાં કોઈ આળસ કે ગુણવત્તા સાથે બાંધછોડ ન કરે અને રહીશોને પૂરતો સંતોષ મળે.

# દેશભક્તિપૂર્ણ 'તિરંગા યાત્રા'

## ટ્રાફિક જાહેરનામું પ્રસિદ્ધઃ સવારે ૭ થી ૧૧:30 વાગ્યા સુધી રૂટ પર નો-એન્ટ્રી અને નો-પાર્કિંગ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ શહેરમાં આજે યોજાનાર દેશભક્તિપૂર્ણ 'તિરંગા યાત્રા'ના કાર્યક્રમને ધ્યાને રાખીને શહેરની ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રા બહુમાળી ભવન ચોકથી શરૂ થઈ કસ્તુરબા રોડ થઈને જ્યુબેલી ચોક ખાતે પૂર્ણ થનાર છે. આ આયોજનમાં વિશાળ સંખ્યામાં જાહેર જનતા જોડાવાની શક્યતા હોવાથી શહેરમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા ન સર્જાય તે હેતુથી સવારે ૭ થી ૧૧:૩૦ વાગ્યા સુધી તિરંગા યાત્રાના નિશ્ચિત રૂટ પર સામાન્ય વાહનો માટે પ્રવેશ બંધ તથા નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસાર પોલીસ હેડક્વાર્ટર સર્કલથી બહુમાળી ભવન ચોક, કસ્તુરબા રોડ, ધરમ સિનેમા ચોક, ચૌધરી હાઈસ્કૂલ ચોક તથા અરવિંદભાઈ મણિયાર હોલથી લઈને જ્યુબેલી ચોક સુધીના સમગ્ર રોડ પર માત્ર તિરંગા યાત્રા સાથે જોડાયેલા વાહનો જ અવરજવર કરી શકશે. આ સિવાયના તમામ પ્રકારના સામાન્ય વાહનો માટે અહીં પ્રવેશ બંધ રહેશે તેમજ વાહન પાર્કિંગ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જોકે, નાગરિકોની સુવિધા અને ઈમરજન્સી સેવાઓ ખોરવાય નહીં તે માટે આ જાહેરનામામાંથી ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહિની, ફાયર બ્રિગેડ તેમજ આકસ્મિક સંજોગોમાં સરકારી વાહનોને મુક્તિ આપવામાં આવી છે. બીજી તરફ, તિરંગા યાત્રામાં જોડાનાર નાગરિકો અને વાહનચાલકોને કોઈ અગવડતા ન પડે તે માટે તંત્ર દ્વારા સાત અલગ-અલગ સ્થળોએ વિશેષ પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવી છે. જેમાં કાર, મોટરસાયકલ અને સાયકલ જેવા નાના વાહનો માટે નેહરુ ઉદ્યાન, બહુમાળી ભવન (સરકારી ક્વાર્ટર ગેટ), મહાત્મા ગાંધી મ્યુઝિયમ તથા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે જગ્યા ફાળવવામાં આવી છે. યાત્રામાં આવતી બસો માટે રેસકોર્સ મેળાગ્રાઉન્ડ ખાતે પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે, જ્યારે બસ, ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિતના તમામ વાહનો માટે ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ તથા શાસ્ત્રી મેદાન ખાતે પાર્કિંગની સગવડ પૂરી પાડવામાં આવી છે.

# લોકમેળોમાં રાઈડ્સ સંચાલકોની નવી માંગણી

## મોટા ઝૂલા સાથે નાની ચકરડીઓ ગોઠવવાની પરવાનગી આપો

રાજકોટ, તા. ૧૨

રાજકોટના સૌરાષ્ટ્ર પ્રસિદ્ધ લોકમેળાની તડામાર તૈયારીઓ વચ્ચે રાઈડ્સ સંચાલકોની નવી માંગણી અને સ્ટોલધારકોને રિફંડ પ્રક્રિયા શરૂ રાજકોટના સુપ્રસિદ્ધ અને સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાની તડામાર તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે આયોજનને લગતા બે અત્યંત મહત્વના ઘટનાક્રમ સામે આવ્યા છે. એક તરફ રાઈડ્સ સંચાલકો દ્વારા મોટા યાંત્રિક ઝૂલાની સાથે નાની ચકરડીઓ ગોઠવવાની ખાસ મંજૂરી માંગવામાં આવી રહી છે, તો બીજી તરફ મેળામાં પ્લોટ કે સ્ટોલ મેળવવામાં નિષ્ફળ ગયેલા અરજદારોને કલેક્ટર તંત્ર દ્વારા ડિપોઝિટની રકમ રિફંડ ચૂકવવાની કામગીરી પણ વેગવંતી બનાવવામાં આવી છે.



પાછલા કેટલાક સમયમાં સુરક્ષાના કડક નિયમો, એન્જિનિયરિંગ સર્ટિફિકેટ અને તકનીકી ચકાસણીના કારણે રાઈડ્સ સંચાલનનો ખર્ચ ખૂબ વધી ગયો છે. આ વધતા આર્થિક નુકસાનને સરભર કરવામાં મદદ મળે તે હેતુથી રાઈડ્સ સંચાલકો દ્વારા મોટા ઝૂલાના પ્લોટમાં રહેલી ખાલી જગ્યાઓનો યોગ્ય ઉપયોગ કરીને નાની રાઈડ્સ સુરક્ષિત રીતે ગોઠવવાની મંજૂરી માંગવામાં આવી રહી છે. સંચાલકોનો દાવો છે કે મોટા યાંત્રિક ઝૂલાઓમાં નાના બાળકો બેસી શકતા નથી, જેથી મેળામાં આવતા પરિવારો અને બાળકોના મનોરંજન માટે નાની ફ્લેટ રાઈડ્સ અને ચકરડીઓ ખૂબ જ જરૂરી બની રહે છે. આ અંગે મોટા યાંત્રિક ઝૂલા અને રાઈડ્સ ચલાવતા સંચાલકો દ્વારા ટૂંક સમયમાં જ રાજકોટ કલેક્ટર અને લોકમેળા અમલીકરણ સમિતિને સત્તાવાર આવેદનપત્ર પાઠવવામાં આવશે, અને સંચાલકોને આશા છે કે સુરક્ષાના નિયમોના પૂર્ણ પાલન સાથે તંત્ર આ વ્યવસાયિક રાહત આપતો સકારાત્મક નિર્ણય લેશે.

બીજી તરફ, લોકમેળામાં ખાણી-પીણી, રમકડાં, યાંત્રિક રાઈડ્સ અને ફનઝોન માટે દર વર્ષે હજારો અરજીઓ આવતી હોય છે. નિયમિત પ્રક્રિયા મુજબ કલેક્ટર તંત્ર દ્વારા ડ્રો યોજીને સ્ટોલ અને પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. તાજેતરમાં યોજાયેલા ડ્રોમાં જે વેપારીઓ અને અરજદારોને સ્ટોલ કે પ્લોટ ફાળવવામાં આવ્યા નથી, તેમના માટે લોકમેળા સમિતિ અને કલેક્ટર તંત્ર દ્વારા ડિપોઝિટ તથા અરજી ફીનું રિફંડ આપવાનું શરૂ કરી દેવાયું છે. અરજદારોએ અરજી કરતી વખતે આપેલી બેંક ખાતાની વિગતો મુજબ નાણાં સીધા જ તેમના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે, જેથી નિષ્ફળ અરજદારોને સમયસર પોતાના નાણાં પરત મળી રહે.




# હિરાસર એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ થશે શરૂ




## ચાલુ સપ્તાહમાં જ ઈમિગ્રેશનની ચકાસણી માટે અમદાવાદથી ખાસ ટીમ હિરાસર એરપોર્ટ ખાતે આવશે

રાજકોટ, તા. ૧૨

રાજકોટના હિરાસર સ્થિત ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થયાના ત્રણ વર્ષ બાદ પણ હજુ સુધી ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ નહી થતા સ્થાનિક પ્રવાસીઓ અને વેપારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો. આ મામલે રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા દ્વારા રજૂઆત કરવામાં આવતા સરકારના ઉડ્ડયન મંત્રીએ જવાબદારી ખંખેરી એર લાઈન્સ કંપનીઓ પર ઢોળી દીધી હતી, જેનાથી ઈન્ટરનેશનલ ફલાઈટ ક્યારે મળશે તેવા પ્રશ્નાર્થ ઊભા થયા હતા. જોકે, હવે ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ દિશામાં સક્રિય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેનાથી આગામી દિવાળી પર્વ સુધીમાં રાજકોટને ઈન્ટરનેશનલ ફલાઈટ મળે તે માટેની આશા ઉજળી બની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટનું ૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તે સમયે જલ્દીથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ થશે તેવી મોટી અપેક્ષાઓ સેવાઈ રહી હતી. પરંતુ સમય જતાં બે વર્ષ બાદ કાર્ગો અને કસ્ટમ્સનું ક્લીયરન્સ મળી ગયું હોવા છતાં ઈમિગ્રેશનનું એપ્રુવલ ન મળવાને કારણે એક પણ ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ થઈ શકી નહોતી.

આ પરિસ્થિતિને ધ્યાને રાખીને ઈન્ટરનેશનલ ફલાઈટ સત્વરે શરૂ કરવા માટે વખતોવખત રાજકોટની અનેકવિધ વેપારી સંસ્થાઓ અને સાંસદ દ્વારા ઉડ્ડયન મંત્રાલયને ભારપૂર્વક રજૂઆતો કરવામાં આવી હતી. આ સતત રજૂઆતોના ફળસ્વરૂપે હવે સરાહનીય પ્રગતિ જોવા મળી રહી છે અને ચાલુ સપ્તાહમાં જ ઈમિગ્રેશનની ચકાસણી માટે અમદાવાદથી ખાસ ટીમ હિરાસર એરપોર્ટ ખાતે આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

હાલનું ઈન્ટરનેશનલ એરપોર્ટ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ બંને ફલાઈટના ઉડ્ડયન માટે ટેકનિકલ રીતે સંપૂર્ણ તૈયાર છે. એરપોર્ટને ઈમિગ્રેશન એપ્રુવલ મળતાની સાથે જ વિવિધ એર લાઈન્સ કંપનીઓ પોતાની આંતરરાષ્ટ્રીય સેવઓ શરૂ કરવા તત્પર છે. ખાસ કરીને ઈન્ડિગો એરલાઈન્સ કંપની રાજકોટ-મુંબઈ વચ્ચે નવી ફલાઈટ શરૂ કરવા તેમજ આંતરરાષ્ટ્રીય રૂટ પર ઉડાન ભરવા ભારે ઉત્સુક હોવાનું જાણવા મળ્યું છે. ઈમિગ્રેશન ટીમના નિરીક્ષણ બાદ એપ્રુવલ મળતાની સાથે જ એરલાઈન્સ કંપનીઓ શિડ્યુલ જાહેર કરશે, જેથી આગામી દિવાળી સુધીમાં રાજકોટના આ ઈન્ટરનેશનલ એરપોર્ટને ખરા અર્થમાં 'ઈન્ટરનેશનલ' ફલાઈટ મળી જાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ધાર્મિક્તા વધી નૈતિક્તા ઘટી!

## બેંક છેતરપીંડીના કેસોમાં ૪૧ ટકાનો તોતીંગ વધારો



સામાન્ય નાગરિકો માટે બેંક એ સુરક્ષા અને વિશ્વાસનું સૌથી મોટું પ્રતીક ગણાય છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોના આંકડા દર્શાવે છે કે આ વિશ્વાસનો પાયો ડગમગી રહ્યો છે. છેલ્લા ૬ વર્ષના સમયગાળામાં ૧ કરોડ રૂપિયાથી વધુની રકમના કુલ ૫,૬૦૭ બેંક છેતરપિંડીના કેસો સામે આવ્યા છે. આ ઠગબાજોએ દેશની બેંકિંગ વ્યવસ્થાને અંદાજે ૨.૩૨ લાખ કરોડ રૂપિયાનો મોટો ચૂનો લગાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬માં જ ૧ કરોડ રૂપિયાથી વધુની ૧,૩૩૦ છેતરપિંડીઓ નોંધાઈ ચૂકી છે. આ આંકડો પાછલા વર્ષ ૨૦૨૫ના ૯૪૧ કેસ કરતાં ૪૧ ટકા જેટલો વધુ છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે.

આ આંકડા માત્ર નાણાકીય ગુનાઓનું ચિત્ર નથી રજૂ કરતા, પરંતુ સમાજમાં વ્યાપેલા ગંભીર અવિશ્વાસની સ્થિતિ પણ છતી કરે છે. આજે છેતરપિંડીની ઘટનાઓ બેફામ બની રહી છે. ઝડપથી ધનવાન બની જવાની ઘેલછામાં લોકો નૈતિકતા અને કાયદાને નેવે મૂકી રહ્યા છે. બેંકિંગ સિસ્ટમની ખામીઓનો લાભ લઈને તેમજ આંતરિક રીતે સાઠગાંઠ કરીને કરોડો રૂપિયાનું આચમન કરી જવામાં આવે છે. આનાથી સામાન્ય કરદાતાઓ અને થાપણદારોના પૈસા જોખમમાં મુકાય છે.

અહીં સૌથી મોટો અને આશ્ચર્યજનક વિરોધાભાસ જોવા મળે છે. એક તરફ આજના સમાજમાં ધર્મની ભાવના, ધાર્મિક ઉત્સવો, પૂજા-અર્ચના અને બાહ્ય આડંબર ખૂબ વધ્યા છે. મંદિરોમાં મોટી ભીડ દેખાય છે અને ધાર્મિક આયોજનો ભવ્ય બને છે. પરંતુ બીજી તરફ સામાજિક અને વ્યક્તિગત નૈતિક્તાનું સતત પતન થઈ રહ્યું છે.

આ વિરોધાભાસનું કારણ એ છે કે આજે ધર્મને માત્ર બાહ્ય આચરણ, કર્મકાંડ કે પ્રદર્શન પૂરતો સીમિત કરી દેવામાં આવ્યો છે. ધર્મનો સાચો અર્થ 'સત્ય, ઈમાનદારી અને નીતિમત્તા' છે, જે લોકોના દૈનિક વર્તનમાં દેખાતો નથી. જ્યારે ધર્મ અને નૈતિકતા અલગ થઈ જાય છે, ત્યારે ઈશ્વરનો ભય કે પાપનો ડર માણસને છેતરપિંડી કરતા અટકાવી શકતો નથી. લોકો પોતાના સ્વાર્થને સંતોષવા ધર્મનો માત્ર એક મુખવટો પહેરી લે છે. આ પ્રકારનું સતત થઈ રહેલું નૈતિક પતન સમાજ માટે ઘાતક છે. જો કાયદાકીય કડકાઈની સાથે લોકોના માનસમાં સાચી નૈતિકતા અને ઈમાનદારીનું સિંચન નહીં કરવામાં આવે, તો આ અવિશ્વાસની ખાઈ વધુ ઊંડી બનશે.

# સરકાર ચર્ચા માટે તૈયાર

## સંસદમાં હોબાળા વચ્ચે અમિત શાહે લોકસભા સ્પીકરને પત્ર લખ્યો




નવીદિલ્હી, તા. ૧૨

ગૃહમંત્રી અમિત શાહે ગઊઊઝ પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સરકાર આ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે, અને વિપક્ષે તેમની સાથે આ અંગે ચર્ચા કરવી જોઈએ. વ્યાપાર સલાહકાર સમિતિની બેઠકનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ઈઅઈ બેઠકમાં સરકાર વતી ગઊઊઝ પરીક્ષા પર ચર્ચા માટે સંમતિ આપી હતી, કારણ કે વિપક્ષની માંગ પહેલાથી જ સ્વીકારાઈ ગઈ હતી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે સરકાર વિપક્ષની વિનંતી પર આ મુદ્દા પર ચર્ચા કરવા માટે પહેલાથી જ સંમત થઈ ગઈ છે. અમિત શાહે નોંધ્યું હતું કે વર્તમાન સત્રમાં વિદેશી યોગદાન (અન્યાયી અર્થ નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬ પર પહેલાથી જ ચર્ચા થઈ ચૂકી છે. પત્ર અનુસાર, ત્ર્ઈછ્અ બિલ પર ચર્ચા દરમિયાન, ગૃહમાં ગઊઊઝ પરીક્ષા અંગે કોઈ પણ વિપક્ષી સાંસદે કોઈ વિચાર વ્યક્ત કર્યો ન હતો. અમિત શાહે જણાવ્યું હતું કે આ હોવા છતાં, સરકાર ગઊઊઝ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે.પત્રમાં અમિત શાહે લોકસભા સ્પીકરને વિનંતી કરી છે કે તેઓ આજથી વિપક્ષ સાથે ચર્ચા કરે અને તેમને યોગ્ય લાગે તેટલા કલાકો ફાળવે. અમિત શાહે કહ્યું, ''હું ફાળવેલ સમય દરમિયાન ગૃહમાં હાજર રહેવા અને આ મુદ્દા પર ચર્ચામાં ભાગ લેવાનો ઈરાદો રાખું છું અને વિપક્ષના તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું. લોકશાહીમાં, ચર્ચા અને સંવાદ દ્વારા ઉકેલો શોધવામાં આવે છે. મને લોકશાહી અને લોકશાહી સંસ્થાઓમાં અતૂટ વિશ્વાસ છે, અને હું માનું છું કે આ ગૃહ ચર્ચા અને સંવાદ માટે છે.''સંસદની બહાર બોલતા અમિત શાહે કહ્યું કે સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી. તેમણે વિપક્ષ પર આ મુદ્દા પર ચર્ચા કરવા દેવાને બદલે સંસદને અવરોધિત કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે હવે તે નિર્ણય લેવાનું વિપક્ષ પર છોડી દેવું જોઈએ કે તે ચર્ચા ઇચ્છે છે કે હંગામો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંસદીય નિયમો અલગ નિવેદનની માંગ કરવાને બદલે વિગતવાર ચર્ચાની જોગવાઈ કરે છે. ગઊઊઝ પરીક્ષાના પેપર લીક સામે તાજેતરના વિદ્યાર્થીઓના વિરોધ અને વિરોધીઓ પર પોલીસ દ્વારા બળપ્રયોગના આરોપોને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે અમિત શાહની ટિપ્પણી આવી છે. આ મુદ્દાએ વારંવાર સંસદમાં ખલેલ પહોંચાડી છે, જેમાં વિપક્ષી નેતાઓએ સરકાર પાસેથી જવાબ માંગ્યા છે અને રાહુલ ગાંધીએ ગૃહમંત્રી પાસેથી જવાબ માંગ્યો છે. સંસદમાં હોબાળા વચ્ચે, અમિત શાહે લોકસભા અધ્યક્ષને પત્ર લખીને જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર ચર્ચા કરવા તૈયાર છે અને તેમણે વિપક્ષ સાથે વાત કરવી જોઈએ કે તેઓ ક્યારે આ મુદ્દા પર ચર્ચા કરવા માંગે છે.

# FCRAને JPCમાં મોકલવાનો પ્રસ્તાવ પસાર

## અખિલેશે કહ્યું આ બિલ લઘુમતીઓની વિરુદ્ધ છે




નવીદિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકારે બુધવારે વિપક્ષના જોરદાર વિરોધ વચ્ચે વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ (ત્ર્ઈછ્અ), ૨૦૨૬ ને સંયુક્ત સંસદીય સમિતિ (ઉંઝ્ઈ) ને મોકલ્યું. લોકસભામાં ત્ર્ઈછ્અ ને ઉંઝ્ઈ ને મોકલવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, અને તેને મંજૂરી આપવામાં આવી હતી. જોકે, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે બિલનો વિરોધ કર્યો હતો અને તેને લઘુમતી વિરોધી બિલ ગણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને બદલે, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં બિલ રજૂ કર્યું હતું. સુધારા બિલને સંસદની ૩૧ સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિ (ઉંઝ્ઈ) ને મોકલવામાં આવ્યું છે. આ સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સભ્યો હશે. સમિતિએ આગામી સત્ર સુધીમાં પોતાનો પ્રતિભાવ રજૂ કરવો જરૂરી છે.

પહેલાથી જ એવી અટકળો ચાલી રહી હતી કે સરકાર ત્ર્ઈછ્અ બિલને સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યસભાની કાર્ય સલાહકાર સમિતિ (ઈઅઈ) ની બેઠક દરમિયાન, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ બિલ અંગે પ્રશ્નો ઉઠાવનારા પક્ષોમાં સામેલ હતા. આ પક્ષોએ ગૃહમાં ત્ર્ઈછ્અ બિલ રજૂ કરવા અંગે પૂછ્યું હતું, અને સરકારે કહ્યું હતું કે યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે. બંને પક્ષો બિલ પાછું ખેંચવાની માંગ કરી રહ્યા છે, જ્યારે બીજુ જનતા દળ (ઈઉઉ) જેવા અન્ય પક્ષો માને છે કે બિલને વિગતવાર ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલી શકાય છે. સૂત્રો કહે છે કે દ્રવિડ મુનેત્ર કઝગમ (ઉખઊં) પણ બિલ પાછું ખેંચવાનું સમર્થન કરે છે. જો કે, ઉખઊં આગ્રહ રાખે છે કે તેને પાછું ખેંચવું જોઈએ અથવા ઉંઝ્ઈ ને મોકલવું જોઈએ.

આ બિલ આ વર્ષે ૨૫ માર્ચે બજેટ સત્ર દરમિયાન લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં દેશમાં બિન-સરકારી સંસ્થાઓ (ગત્ર્ઘ) અને વિદેશી ભંડોળ પર કડક સરકારી દેખરેખનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ત્ર્ઈછ્અ બિલનો સખત વિરોધ કરનારા વિરોધ પક્ષોનો આરોપ છે કે તે લઘુમતીઓને લક્ષ્ય બનાવે છે. તેમનો દલીલ છે કે તેની કેટલીક જોગવાઈઓ ખ્રિસ્તી ગત્ર્ઘ અને લઘુમતી સંચાલિત સામાજિક કલ્યાણ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે કાયદેસર ભંડોળને અવરોધશે. જો કે, સરકારે સ્પષ્ટતા કરી હતી કે પ્રસ્તાવિત કાયદો કોઈ ચોક્કસ ધર્મ સાથે જોડાયેલ નથી પરંતુ તેનો હેતુ વિદેશી યોગદાનને નિયંત્રિત કરવાનો છે. રાજ્યસભાની ઈઅઈ બેઠકની અધ્યક્ષતા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણન મંગળવારે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ, જેપી નડ્ડા અને વિપક્ષી નેતાઓ જયરામ રમેશ (કોંગ્રેસ), તિરુચી સિવા (ડીએમકે) અને સસ્મિત પાત્રા (બીજેડી) બેઠકમાં હાજર રહ્યા હતા. અમિત શાહના સ્થાને ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં ત્ર્ઈછ્અ બિલ રજૂ કર્યું. વિરોધ વચ્ચે, સુધારા બિલને સંસદની ૩૧ સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિ (ઉંઝ્ઈ) પાસે મોકલવામાં આવ્યું હતું.

# ગુજરાત-MPના સંબંધો મજબૂત થશે

## યુવાનોને રોજગાર મળશેઃ અમદાવાદમાં રોકાણ પર વિચાર-વિમર્શ




રાજકોટ, તા. ૧૨

મુખ્યમંત્રી ડો. મોહન યાદવે બુધવારે ગુજરાતના અમદાવાદની મુલાકાત દરમિયાન અરવિંદ લિમિટેડના વાઈસ ચેરમેન કુલીન લાલભાઈ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સાથે મધ્યપ્રદેશના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે, અરવિંદ ગ્રુપ મધ્યપ્રદેશમાં તેનું યુનિટ સ્થાપિત કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, પીએમ મિત્ર પાર્ક આગામી વર્ષ સુધીમાં ઉત્પાદન શરૂ કરવાનું લક્ષ્ય રાખે છે. આ રાજ્યના યુવાનો માટે રોજગારની નવી તકો ઉભી કરશે. મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું હતું કે અરવિંદ ગ્રુપ ત્રણ સ્થળોએ તેના યુનિટ સ્થાપિત કરી રહ્યું છેઃ દેવાસ નજીક બરલાઈ, ધારમાં પીએમ મિત્ર પાર્ક અને ઇન્દોરમાં બેટમા. કંપની આ સ્થળો તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ કામ કરી રહી છે. આ ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિસ્તરણથી રાજ્યમાં રોજગારીની તકો વધશે અને યુવાનોને ફાયદો થશે.બેઠક દરમિયાન, મધ્યપ્રદેશમાં કંપનીના પ્રસ્તાવિત રોકાણ, પીએમ મિત્ર પાર્કમાં ઉદ્યોગોની સ્થાપના, રોજગાર સર્જન, કાપડ અને વસ્ત્ર ક્ષેત્રમાં રોકાણ, ઔદ્યોગિક વિસ્તારોમાં પાણીનો પુનઃઉપયોગ અને સિંહસ્થ ૨૦૨૮ માટે આધુનિક સંચાર પ્રણાલીઓ સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્યોગોના અધિક મુખ્ય સચિવ નીરજ માંડલોઈ, ઉદ્યોગોના સચિવ જોન કિન્સલી અને એમપીઆઈડીસીના એમડી ચંદ્રમૌલી શુક્લા હાજર હતા. અરવિંદ લિમિટેડ પીએમ મિત્ર પાર્કમાં આશરે ₹૧,૨૦૦ કરોડનું રોકાણ કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે. આ હેતુ માટે કંપનીને ૧૦૫ એકર જમીન ફાળવવામાં આવી છે. ઇન્દોરમાં સ્થિત પેપકોન પ્રાઈવેટ લિમિટેડ સાથે કંપનીના કરાર હેઠળ, વાર્ષિક આશરે ૭૦ લાખ વસ્ત્રોનું ઉત્પાદન થાય છે. મુખ્યમંત્રી ડો. યાદવે પીએમ મિત્ર પાર્કમાં ઉદ્યોગોની સ્થાપના અને રોકાણ પ્રક્રિયાને ઝડપી બનાવવા અંગે ચર્ચા કરી.ઔદ્યોગિક વિસ્તારોમાં પાણીના પુનઃઉપયોગ માટે ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ણકઉ) સોલ્યુશન્સની સંભાવના પર પણ ચર્ચા કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં વિકસિત થઈ રહેલા ૯૦ થી વધુ ઔદ્યોગિક ઉદ્યાનોમાં કાપડ, ફાર્માસ્યુટિકલ અને અન્ય ઔદ્યોગિક ક્લસ્ટરોમાં સામાન્ય ણકઉ સિસ્ટમ્સ સ્થાપિત કરવાની શક્યતા પર ચર્ચા કરવામાં આવી હતી. નજીકના મ્યુનિસિપલ કોર્પોરેશનોના જીઝ઼ડ સાથે ઔદ્યોગિક ઉદ્યાનોને જોડીને ગોળાકાર જળ અર્થતંત્ર મોડેલ વિકસાવવાના સૂચન પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સિંહસ્થ ૨૦૨૮ માં મિશન-ક્રિટીકલ કોમ્યુનિકેશન નેટવર્ક્સનો ઉપયોગ કરવાની સંભાવના પર પણ ચર્ચા કરવામાં આવી હતી. અરવિંદ લિમિટેડ અને જેએમ બક્ષી ગ્રુપ વચ્ચેનું સંયુક્ત સાહસ, આર્ય ઓમ્નિટોક સોલ્યુશન્સ, મિશન-ક્રિટીકલ વાયરલેસ કોમ્યુનિકેશન, વોકી-ટોકી નેટવર્ક્સ, ડ્ઢખછ્ઝ અને જાહેર સલામતી સંચાર ઉકેલો પ્રદાન કરે છે. સિંહસ્થ ૨૦૨૮ એ પોલીસ, સુરક્ષા દળો, આપત્તિ વ્યવસ્થાપન, આરોગ્યસંભાળ અને ઈવેન્ટ મેનેજમેન્ટ માટે આવા મિશન-ક્રિટીકલ કોમ્યુનિકેશન નેટવર્ક્સનો ઉપયોગ કરવાની સંભાવનાઓની શોધ કરી હતી.મુખ્યમંત્રી ડો. મોહન યાદવે કુલીન લાલભાઈને મધ્યપ્રદેશમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું અને તેમને ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ (ત્ર્ઈજ) ૨૦૨૭ માં ભાગ લેવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. અરવિંદ લિમિટેડ દેશના અગ્રણી કાપડ જૂથોમાંનું એક છે. ૧૯૩૧ માં સ્થપાયેલ, કંપનીનું મુખ્ય મથક અમદાવાદમાં છે. કંપની ડેનિમ, એપેરલ, ફેબ્રિક્સ અને ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના ક્ષેત્રોમાં કાર્યરત છે. ગ્રુપના વિવિધ ઔદ્યોગિક એકમોમાં ૬૦ હજારથી વધુ લોકો રોજગારી મેળવે છે અને કંપની એક લાખથી વધુ કપાસ ખેડૂતો પાસેથી કાચો માલ ખરીદે છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી અભિષેક

## ઈશ્વર સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે!



હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. હિન્દુઓમાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓની વાત છે, પણ શંકરની વાત જ નિરાળી છે, અને એટલે જ બધાં શ્રાવણની આતુરતા પૂર્વક રાહ જોતાં હોય છે. આજથી શિવાલયોમાં ઓમ નમઃ શિવાય, અને અને બમબમ ભોલેનાં નાદ સંભળાશે! સર્વ હિન્દુ સનાતની ઓને શ્રાવણની ખૂબ ખૂબ વધાઈ, અને ભગવાન શિવ આપણાં સૌના હૃદય કમળમાં બિરાજી સૌને કલ્યાણનાં માર્ગે દોરે એવી પ્રાર્થના. મંદિરો હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે, પણ રખેને એને જ સંસ્કૃતિ કે ભક્તિ સમજવાની ભૂલ કરતાં નહીં. ભક્તિનું પરિપ્રેક્ષ્ય સાવ જુદું જ છે, જેમાં સાધન ગૌણ છે અને ભાવ સર્વોપરી. બીજું મંદિર જવું દૂધનો અભિષેક કરવો, એવી સ્પર્ધા કે દેખાદેખી તો બિલકુલ નહીં, ક્રિયા કે દ્રવ્ય આ બધું સહજ હોય તો જ શંકર સ્વીકારશે, બાકી લાખો લિટર દૂધનો માત્ર વ્યય થશે! અને હાં ખાસ બિલ્વ પત્ર પણ માપમાં, ચોમાસામાં આમ પણ સૂર્ય બહુ ઓછો નીકળે છે, પર્ણને વનસ્પતિનું રસોડું કહેવાતું હોવાથી, જેટલાં વધુ બિલ્વ પત્ર તોડીએ એટલી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા થતી નથી, અને એની વૃદ્ધિ અટકી જાય છે, અને પાન તોડી નાખવાથી નવો ઓક્સિજન પણ મળે નહીં. એટલે એમ પણ સમજતાં નહીં કે બેન આવું કરવાની ના પાડે છે! પણ ભક્તિને નામે શેમાંય બિલકુલ અતિરેક નહીં, અને દંભ દેખાડો કે પરંપરાને નામે આગ્રહ નહીં! બાકી રુદ્રાષ્ટક કે શિવ મહિમ્નનાં શ્લોકો સાથે અભિષેકનો મહિમા જ કંઈક ઔર છે, અને આપણે લીંગ રૂપે સાક્ષાત શંકરનો અભિષેક કરીએ છીએ, એ અનૂભૂતિ પણ અત્યંત આલ્હાદક! કારણકે ભક્તિની કે સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે! અને એટલે જ એને ભોળો નાથ કહેવાયો છે. તો આપણે પણ આ શ્રાવણીય અનુષ્ઠાનમાં શિવશંકરનાં જુદી જુદી રીતે ગુણગાન ગાઈશું, અને તત્વતઃ શંકરનાં સ્વરૂપને આત્મસાત કરી કરુણામય બનીશું.

ભગવાન શંકરનાં કેટલાંય ભજનો અને સ્તોત્ર છે! કારણ કે દરેકે પોતાની અનૂભૂતિને વાચા આપવાની કોશિશ કરી હોય! મારી એક રચના છે જેમાં પાર્વતી જેવી શ્રદ્ધા થી અનૂભૂતિનો આધાર શંકરને આલેખ્યો છે, અને શંકર નામનો નામ મહામંત્ર અભય પદ આપી જાય છે, એમ સાધનાની સીડી બતાવી છે, એટલે કે શંકરને ભજવા ખૂબ બધું છે. બીજાનું છોડો આદિદેવ શંકરાચાર્ય ભગવાને પણ શિવ અને શક્તિ પર ખૂબ સ્તોત્ર લખ્યા છે, જે આપણાં હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે. શુભમ શર્મા લિખિત એક શિવ ભજન સાંભળ્યું, જે હંસરાજ રઘુવંશી એ ગાયું છે, અને જેમાં એણે શિવ નામનો મહિમા ગાયો છે.

શિવ શંકરા શ્રી મહેશ્વરા,
શશિ શેખરા શ્રી જટા ધરા.
કુછ છોડને સે કુછ મિલે,
પર કુછ ન કુછ રહ જાયેગા,
મિટ્ટી મેં સબ મિલ જાયેગા.
સબ શૂન્ય મેં મિલ જાયેગા,
શિવ નામ બસ રહ જાયેગા.
શિવ સત્ય હૈં સંસાર હૈં,
શિવ રુપ હૈં શ્રૃંગાર હૈં
શિવ ગીત હૈં શિવ રાગ હૈં,
ગૃહસ્થ શિવ વૈરાગ હૈં,
જબ જો મિલે સ્વીકાર હૈં,
શિવ શાંતિ સુખ સત્કાર હૈં,
ભટકે રે મન કહાં જબ શિવ યહાં
સબ કુછ તૂટ જાને દો.

સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ ભજન બહુ મોટી વાત કરે છે. શિવ, શંકર, શ્રી મહેશ્વર જે શશિ શેખર, અને જટાધર પણ છે. સંસારનો નિયમ છે કે કંઈક છોડવાથી જ કંઈક મળે! પણ તોય સંસારીને મળેલું હંમેશા અધુરું લાગે! અને આમ બધું મેળવવાની લ્હાયમાં અંતે બધું મિટ્ટીમાં મળી જાય છે. બધું જ જ્યારે શૂન્યમાં ભળી જાય ત્યારે આપણને આપણી ભૂલ સમજાય છે, અથવા પસ્તાવો થાય છે! અને ત્યારે શિવ શંકર નામ જ આપણો એક માત્ર સહારો હોય છે! એટલે કે શંકર એ અવિનાશી નામ આગળ બધું જ ગૌણ અથવા શૂન્ય છે, એ સત્ય સમજાય છે! અને પછી શંકર નામ પ્રત્યે આપણો ભરોસો દ્રઢ બને છે! અને સમજાય છે કે શિવ જ સત્ય છે, શિવ જ મારો સંસાર છે. ભક્ત માટે પોતાનું આંતર બાહ્ય રુપ શિવ છે, અને શિવ જ શ્રૃંગાર છે. ગઈકાલે સંસાર અસાર લાગતાં રસનું જે ઝરણું શુષ્ક થઈ ગયું હતું, એ શિવત્વનાં પ્રભાવે સૂરીલુ ગીત બની ગયું, એટલે કે રોમરોમમાં ભક્તિની કે શિવત્વની મસ્તી છવાઈ ગઈ! અને આમ પોતાની મસ્તીમાં રત રહેતાં શિવ સંસારી હોવા છતાં રુખડ જેમ વૈરાગી પણ છે. વૈરાગીને તો જ્યારે જે મળે એનો સ્વીકાર અને સત્કાર જ હોય! પછી ભલે નરસિંહ જેમ દુઃખ મળે કે મીરાં જેમ ઝેર મળે! એની શાંતિ વિચલિત થતી નથી. માટે શંકર અહીં છે, પછી હે જીવ તારું મન જે અહીંતહીં ભટકે છે, એને તું છોડી દે. સંસારી સંબંધોના તાણાવાણા તૂટી જતાં હોય તો પણ, તેને છોડવાની વાત છે. ભજનમાં હજી આગળ પણ આવાં જ આપણને એકદમ નજીક પડે એવાં ભાવ છે, અને બાબા કેદાર શિવ જ આપણને સંભાળી શકે એમ છે!

આમ તો નાગર ગૃહસ્થનાં ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય ! અને માત્ર શ્રાવણમાં જ નહીં પણ, મમ્મી પપ્પા બંનેની નિત્ય ઉપાસના શિવથી જ શરૂ થતી, મમ્મી તો એનાં સૂરીલા કંઠે ભજન પણ ગાતી, અને વાતાવરણ ભક્તિમય બની જતું,એને બધાં પાઠ કંઠસ્થ હતાં. ક્યારેક કોઈ મુશ્કેલી આવે તો ભીડ ભંજન મહાદેવ સદાય સૌની રક્ષા કરનારાં છે, ભોળાંનો ભગવાન છે, દૂધ પાણી થી રીઝે! એવાં નાનાં નાનાં વાક્યો મમ્મી બોલે, અને અનુભવે ધીરેધીરે એની પર ભરોસો દ્રઢ થતો ગયો. સોળ સોમવાર, ભાખરિયા સોમવારનાં વ્રત ઉપવાસ પણ કર્યા, ઠીક છે એ બધું! પણ કળિયુગમાં જો કોઈ શ્રેષ્ઠ વ્રત હોય તો એ નામ સ્મરણ જ છે, પણ જે કર્યું તે પૂર્ણ આસ્થાથી કર્યું.અને તેથી જ શંકર એટલે જ કલ્યાણ, એ ભાવે શંકરે હૃદયમાં સ્થાન અંકિત કર્યું. પછી તો કલમ પકડી અને શાસ્ત્રોક્ત સ્તુતિ કે પૌરાણિક કથા મુજબ કેટલુંય લખ્યું! પણ શંકરનાં એ બધાં જ સ્વરૂપ થોડા દૂર પડે છે, અને કૈલાસનું શિખર બહુ ઉંચુ, તો સ્મશાને શિવ ભયભીત કરે, અને રુદ્રની વાત કરીએ તો ક્યારેક વિકરાળ સ્વરૂપ પણ છે. એટલે જ નરસિંહની જેમ સ્વીકારી લઈએ કે આપણે રહ્યાં પૂર્ણ ભોગી, એટલે એમ કંઈ સંસાર છોડી સંન્યાસી થઈ શકાશે નહીં! અને એટલે ભક્તિ માટે શંકરનું આ સંસારી સ્વરૂપ આપણને એકદમ અનૂકૂળ આવશે.શ્રાવણે શંકર પૃથ્વી પર આવે છે, અને એટલે શિવાલય જ જાણે શિવરૂપ હોય એમ ભાસે છે, અને ભક્તો તેમજ બ્રાહ્મણો દ્વારા ગુંજતો શિવ નાદ જીવ માત્રને અભિભૂત કરનાર છે, પણ એ શ્રાવણનાં સરવડા જેમ ક્ષણિક હોય છે, એટલે આપણે ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચી શકતાં નથી. પણ આ શ્રાવણે એટલે જ શિવત્વને આત્મસાત કરવા માટે એનાં સરળ સૌમ્ય સંસારી સ્વરૂપને પૂર્ણ પણે અનુસરીએ.ૐ નમઃ શિવાય.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

અમુક ઘર પરિવાર એવા હોય જ્યાં બહારથી દુશ્મન શોધવા જવું પડતું નથી

# અપને પરાયે હુએઃ વૃધ્ધ દંપતિ પર પુત્રવધૂનો સિતમ

## વિધવા વહૂ બે દિકરી સાથે મળી સાસુ-સસરાને મિલ્કત માટે આપે છે ધમકીઃ હીંચકેથી પછાડવા, રસોડામાં તેલ પાણી ઢોળી લપસી પડે તેવા પ્રયાસોઃ સભ્ય સમાજમાં ચકચાર જગાવતી ઘટનામાં તાલુકા પોલીસે દાખલ કરી મા-દિકરીઓ વિરૂધ્ધ એફઆઈઆર



રાજકોટ, તા. ૧૨

અનેક ઘર પરિવાર એવા હોય છે જ્યાં વડિલોને દુઃખી કરવા માટે બહારના કોઇ નહિ પણ ઘરના જ દુશ્મન બનીને બેઠા હોય છે. હમે તો અપનો ને લૂંટા જેવી એક ઘટના સામે આવી છે જેમાં શહેરના કાલાવડ રોડ પર ન્યુ કોલેજવાડીમાં રહેતાં વૃધ્ધ દંપતિ સાથે તેના જ પુત્રવધૂ, બે પૌત્રીઓ મિલ્કતનો ભાગ માંગી ઝઘડા કરી ગાળો દઇ મારી નાખવાની ધમકી આપતાં હોય તેમજ આ બંને લપસીને પડી જાય તે માટે રસોડામાં તેલ-પાણી ઢોળી તેમજ દાદા હીંચકે બેઠા હોય તો તેની સાથે પૌત્રી બેસી તેને પછાડી દેવા સ્પીડથી હીંચકો હંકારવા માંડતી હોવા સહિતના આક્ષેપો સાથે ફરિયાદ દાખલ થતાં સભ્યસમાજં ચકચાર જાગી છે.

વિગતો જોઇએ તો આ ચોંકાવનારી ઘટનામાં તાલુકા પોલીસે કાલાવડ રોડ પર ન્યુ કોલેજવાડી મેઇન રોડ પર અમુલ પાર્લર પાસે ભગીરથી લીલામાં રહેતાં પુષ્પાબેન પ્રવિણચંદ્ર જોશી નામના ચીમોતેર વર્ષના વૃધ્ધાની ફરિયાદ પરથી કીન્નરી સંજયભાઇ જોશી લીલાધર, પંછી સંજયભાઇ અને ભાવ્યા સંજયભાઇ જોશી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. પુષ્પાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મારા પતિ પ્રવિણચંદ્ર લીલાધર જોશી ૮૧ વર્ષના છે. મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે, મોટો દિકરો સંજયભાઇ બે વર્ષ પહેલા ૨૦૨૪માં અવસાન પામેલ છે. તેની પત્નિનું નામ કિન્નરીબેન છે જે પિસ્તલીસ વર્ષીય છે. જે અમારા મકાનમાં ઉપરના માળે રહે છે.

વૃધ્ધાએ વધુમાં જણાવ્યું હતું કે મારા પુત્રવધૂ કિન્નરીબેનને બે દિકરીઓ પંછી (ઉ.વ.૨૫) અન ભાવ્યા (ઉ.વ.૨૨) છે. પંછીના લગ્ન અમદાવાદ થયા છે તે મહિને બે ત્રણ વખત રાજકોટ અમારી ઘરે આવે છે. ભાવ્યા રાજકોટમાં નોકરી કરે છે. મારા બીજા દિકરાનું નામ રવિભાઇ છે જે ઘરે જ હોય છે. તેના પત્નિનું નામ જાગૃતિબેન છે, જે હાલ પિયર છે. મારી દિકરી જાનકીબેન અમદાવાદ સાસરે છે. ફરિયાદમાં આગળ જણાવ્યા અનુસાર ગત તારીખ ગત ૨૦મી જુલાઇના ના રોજ સવારના આશરે દસેક વાગ્યાના સુમારે પુષ્પાબેન, તેમના પતિ અને પુત્રવધુ કિન્નરીબેન તથા પૌત્રીઓ ડ્રોઈંગ રૂમમાં બેઠા હતા.

આ સમયે કિન્નરીબેન તથા પૌત્રીઓ પંછી અને ભાવ્યાએ એકસંપ થઈને ઘરની મિલકતમાં ભાગ માંગ્યો હતો. પુષ્પાબેને શાંતિ રાખવાનું કહેતા જ ત્રણેય મહિલાઓ ઉશ્કેરાઈ ગઈ હતી અને સાસુ-સસરાને ગાળો આપી ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી 'અમારા નામે મિલકત નહીં કરો તો તમને કોઈપણ રીતે ઘરમાં જ અકસ્માત કરીને મારી નાખશું' તેવી ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પુષ્પાબેને ફરિયાદમાં પુત્રવધૂ અને પૌત્રીઓ વિરૂધ્ધ ગંભીર આક્ષેપો કરી જણાવ્યું છે કે અમે વૃદ્ધ દંપતી રસોડામાં જઇએ ત્યારે લપસીને પડી જાય અને ગંભીર અકસ્માત થાય તે માટે અવારનવાર રસોડાના ભોંયતળિયે તેલ અથવા પાણી પુવધૂ-પૌત્રીઓ ઢોળી નાંખતા હતાં.

તેમજ મારા પતિ પ્રવિણચંદ્ર જ્યારે હિંચકે બેઠા હોય ત્યારે પૌત્રી પંછી બાજુમાં બેસીને અચાનક હિંચકાની સ્પીડ વધારી દઈ તેમને નીચે પાડી દેવાનો પ્રયાસ કરતી હતી. ઘરના મેન દરવાજા ખુલ્લા રાખીને અજાણ્યા તત્વોને ઘરમાં ઘુસી આવવાની તક પાડવામાં આવતી હતી.

આ ઉપરાંત દંપતીની ગેરહાજરીમાં તેમના બેડરૂમમાં ઘુસીને મિલકતના કાગળો કે કિંમતી સામાન શોધવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. પોતાના જ પરિવારના સભ્યો દ્વારા સતત મળતી ધમકીઓ અને જાનના જોખમથી કંટાળીને આખરે વૃધ્ધા પુષ્પાબેને ફરિયાદ નોંધાવતાં રાજકોટ તાલુકા પોલીસ મથકના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ.પી. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### અન્ય એક ઘટનામાં રિસામણે બેઠેલી પત્નિ મામલે બનેવીની સાળાને ફોન કરી ધમકી

બીજી એક પારીવારીક માથાકુટની ઘટનામાં મવડી કણકોટ રોડ પર ડ્રીમસીટી પાછળ સહજાનંદ પાર્ક ૨ માં શેરી નં. ૧માં કલરવ કોર્નર એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી છત્રીસ વર્ષિય દિપેનભાઇ મોહનભાઇ ઠુમ્મરને તેના બનેવી ત્રંબા રહેતાં ભાવેશ મનસુખભાઇ ત્રાપસીયાએ ફોન પર તેની બહેનને જાનથી મારી નાખવાની ધમકી આપતાં આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઇ હતી. ગોંડલ રોડ પર મારૂતી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આઇશ્રી ખોડીયાર ફેબ્રીકેશન નામે વેપાર કરતા દિપેનભાઇએ ફરીયાદમાં જણાવ્યું કે, તેની નાની બહેન જલ્પાબેનના લગ ૨૦૧૩માં ત્રંબા ગામે રહેતા ભાવેશ સાથે થયા હતા, ભાવેશ છેલ્લા ચારેક વર્ષથી કામધંધો કરતો ન હોય તેની બહેન જલ્પાબેન સાથે નાની નાની વાતમાં ઝઘડો કરતો હતો.

આશરે નવેક માસ પહેલા તેની બહેને ફોન કરી 'તારા બનેવીએ મને માર મારેલ છે, મારે અહી નથી રહેવું, મને તેડી જાવ' કહેતા તે ત્રંબાથી બહેનને તેડી ઘરે આવ્યો હતો. બાદમાં તેની બહેને ભાવેશ સામે ફેમીલી કોર્ટમાં છુટાછેડાનો કેસ કર્યો હતો. જે કોર્ટમાં ચાલુ છે. આ કોર્ટ કેસને લઇ બનેવી ભાવેશ તેની બહેનને અવાર-નવાર ફોન કરીને ધમકી આપતો હતો. ગઇકાલે તે કોઠારીયામાં સાઇબાબા સર્કલ પાસે હતો ત્યારે બનેવી ભાવેશે કોલ કરી 'તારી બહેન જલ્પા કયાં છે? તેની સાથે મને વાત કરાવો' કહેતા તેને તમે હવે મારી બહેનને ભુલી જાવ, મારી બહેને કેસ કરેલ છે. મારી બહેનને હવે તમારી સાથે રહેવું નથી' તેમ જવાબ આપતા ભાવેશે ઉશ્કેરાઇ 'તો હવે તારી બહેનને ઘરમાં આવીને મારી નાખીશ' તમારાથી થાય તે કરી લેજો, કહી ધમકી આપી હતી આજીડેમ પોલીસે ગુન્હો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરાઇ હતી.

# બે વિસ્તારોમાંથી યુવતી- યુવક લાપતા

## ફુલછાબ ચોકડી પાસેથી લક્ષ્મીબેન અને જંગલેશ્વરમાંથી મંથન વાઘેલા ગૂમ




રાજકોટ, તા.૧૨

રાજકોટના મોરબી રોડ પર આવેલ ફુલછાબ સામેની મેડી ચોકડી ક્વાર્ટરમાં રહેતા ૨૧ વર્ષીય લક્ષ્મીબેન ઉર્ફે લીલાબેન બાબુભાઈ માંગરોલીયા ગત તારીખ ૧૧મી ઓગસ્ટના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં જ્યુબેલી, ફુલછાબ ચોકડી પાસેથી લાપતા બન્યા છે. આ અંગે તેમના પિતા બાબુભાઈ વલ્લભભાઈ માંગરોલીયા દ્વારા એ-ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા પોલીસે ગુમ નોંધ દાખલ કરી છે.પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, લક્ષ્મીબેને સફેદ રંગનો પંજાબી ડ્રેસ પહેરેલો છે, ડાબા પગમાં કાળો દોરો બાંધેલો છે અને જમણા હાથના કાંડા પર અંગ્રેજીમાં ત્રાજવા છૂંદાવેલા છે. આ અંગે એ.એસ.આઇ. અરવિંદભાઈ ડી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અન્ય એક બનાવમાં, જંગલેશ્વર મેઇન રોડ પર રાધા કૃષ્ણ ડેરીવાળી શેરી, ઉમીયા ચોક (૧૫૦ ફૂટ રીંગ રોડ) ખાતે રહેતો ૧૯ વર્ષીય મંથન હરેશભાઈ વાઘેલા તારીખ ૧૨મી ઓગસ્ટના રોજ સવારે ૮:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી અચાનક ગુમ થઈ ગયો છે. તેમના પિતા હરેશભાઈ વલ્લભભાઈ વાઘેલા દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી છે. પોલીસ નોંધ મુજબ, ગુમ થનાર મંથને ગુલાબી રંગનો ડ્રેસ પહેરેલો છે અને તે માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ છે. આ મામલે ભક્તિનગર પોલીસે ગુમ નોંધ દાખલ કરીને એ.એસ.આઇ. આર.એ. મકવાણાને આગળની તપાસ અને શોધખોળની કામગીરી સોંપી છે.

પૈસા મામલે માથાકુટની વારંવાર બનતી ઘટના વચ્ચે વધુ એક ચોંકાવનારો કિસ્સો

# કોન્ટ્રાકરને સાત જણાએ ધોકાવી ધમકાવ્યા

## તારો ભાઇ ક્યાં છે, એની પાસેથી અમારે જે પૈસા લેવાના છે તે તું આપી દે કહી મારકુટઃ હવે પછી ઉંચા અવાજે બોલે તો મારી નાખવાની ધમકીઃ મોરબી રોડની ઘટનામાં બી-ડિવીઝન પોલીસે દાખલ કરી એફઆઈઆર



રાજકોટ, તા. ૧૨

શહેરમાં પૈસા મામલે કે પછી બીજા કારણોસર બાકાઝીકીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અમુક તત્વોને પોલીસનો ભય જ ન હોય એ રીતે ટોળકીઓ રચીને હુમલા કરી નાખતા હોય છે અને કાયદો હાથમાં લઇ લેતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં શહેરના મોરબી રોડ પર આવેલ સાગરપાર્ક વિસ્તારમાં રહેતાં સોલાર ફીટીંગ કોન્ટ્રાકટર પર સાત શખ્સોએ હુમલો કરી ખૂનની ધમકી દીધી હતી. આ બધાએ ઘરે આવી તારા ભાઇપાસેથી સાત લાખ લેવાના છે એ તુ આપી દે કહી ધમાલ મચાવી હતી અને મારકુટ કરી ખૂનની ધમકી આપી હતી. આ કોન્ટ્રાક્ટરે મારે મારા ભાઇ સાથે કોઇ વ્યવહાર જ નથી, હું શેના પૈસા આપું કહેતાં જ હુમલો થયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ મોરબી રોડના સાગર પાર્કમાં બન્યો હતો. આ ઘટના મામલે બી-ડિવીઝન પોલીસે સાગર પાર્ક-૧ બ્લોક નં. ૫માં રહેતાં પાંત્રીસ વર્ષિય અજીમભાઇ ગનીભાઇ ધોણીયાની ફરિયાદ પરથી રાજો જૂણેજા, અંકિત શાહ, કરણ ઉર્ફે ચોક્કો, જીતુ સુદાણી અને ત્રણ અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી હતી. અજીમભાઇ પરિવાર સાથે રહે છે અને સોલાર ફીટીંગનો કોન્ટ્રાકટ રાખી ગુજરાન ચલાવે છે. દસમીએ રાતે પોણા બારેક વાગ્યે તે કામની સાઇટ પરથી ઘરે પહોંચ્યા ત્યારે શેરીમાં ગાડી પાર્ક કરતા હતાં તે વખતે રાજકોટ જુણેજા, અંકિત સહિતના શખ્સો સફેદ આઇ-૨૦ કાર જીજે૦૩એલજી-૦૯૧૪ તથા કીયા સેલ્ટોસ અને કાળી સ્વીફ્ટમાંથી ઉતરીને પાસે આવ્યા હતાં. આ પછી અજીમભાઇ કંઇ સમજે એ પહેલાં રાજો જુણેજાએ નજીક આવી કહેલું કે-તારો ભાઇ આવેશ ક્યાં છે? જેથી અજીમભાઈએ જણાવ્યું હતું ક-હું હમણાં જ સાઈટ પરથી ઘરે આવ્યો છું અને મને મારા ભાઈ અંગે કોઈ જાણ નથી. આ સાંભળતા જ રાજો જુણેજા ઉશ્કેરાઈ ગયો હતો અને કહ્યું હતું કે-તારા ભાઈ પાસે અમારે સાત લાખ રૂપિયા લેવાના બાકી છે, તે તું આપી દે. આથી અજીમભાઈએ સ્પષ્ટતા કરી હતી કે હું-મારા ભાઈ સાથે ઘણા સમયથી બોલતો પણ નથી, તો તેના પૈસા હું શા માટે આપુ? આ સાંભળી રાજો સહિતના તમામ શખ્સોએ ઉશ્કેરાઇ જઇ ગાળાગાળી ચાલુ કરી હતી અને ઘેરી લઇ ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો.

દેકારો થતાં આજુબાજુમાંથી લોકો એકઠા થઈ ગયા હતા અને તેને વધુ મારથી બચાવ્યા હતાં. લોકો ભેગા થઇ જતાં સાતેય હુમલાખોરો ભાગી ગયા હતાં. જતાં જતાં રાજો જુણેજાએ ધમકી આપી હતી કે-આ વખતે તો તને જીવતો જવા દઈએ છીએ, હવે પછી અમારી સામે ચા અવાજે વાત કરીશ તો જાનથી મારી નાખશું. આ હુમલામાં મુંઢ ઈજાઓ પહોંચતા અજીમભાઈએ બી-ડિવિઝન પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. બી-ડિવીઝનના ઇન્સપેકટર જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં હેડકોન્સ. વાય. એન. મકવાણાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ પૈસાની લેતીદેતીમાં વધુ એક વખત ગૂંડાગીરી આચરવામાં આવી હતી.

ટૂંકા ગાળામાં રોકાણ પર ગજવા ભરી લેવાની લાલચ વધુ એક રોકાણકારને લઇ ડુબી

# નફો લેવા જતાં પોણા બાર લાખનો ચૂનો

## બીજી તરફ દસ લાખની ઉચાપત કરનારા તલાટીને દોઢ વર્ષ બાદ પકડી લેવામાં પોલીસ સફળ થઇ




રાજકોટ, તા. ૧૨

ઓનલાઇન ઠગાઇના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આવી વચ્ચે વધુ એક ભેજાબાજે અગીયાર લાખ એકોતેર હજારનો લાભ મેળવી લીધો હતો. એક યુવાનને બીટકોઇનમાં રોકાણ કરવા અને તેમાં મોટો નફો અપાવવાની લાલચ દઇ નાણા મેળવી લીધા પછી ગઠીયાએ બીટકોઇન પણ નહોતા આપ્યા અને પોતે મેળવી લીધેલી રકમ પણ પાછી આપી નહોતી. આ મામલે તપાસ થતાં તેણે બીજા લોકોને પણ આવી રીતે છેતરી લીધાનું સામે આવતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં નીલકંઠ મોરેએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં જોસેફ સેમ્યુઅલ પરમાર વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જોસેફે તેમને બિટકોઈનમાં રોકાણ કરી મોટા નફાની લાલચ આપી હતી. મોરેએ કુલ ૧૧.૭૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા, પરંતુ બિટકોઈન મળ્યા નહીં. જોસેફે વધુ પૈસા માંગી ધમકી પણ આપી હતી. તેણે વડોદરાના અન્ય લોકો સાથે પણ આવી જ છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ વડોદરામા મકરપુરાની ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા નીલકંઠ રંગરાવ મોરે ખાનગી નોકરી કરે છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૩ માં માંજલપુર કાર રીપેરીંગ તેમજ કાર વોશિંગનો ધંધો ચલાવતો હતો. એ દરમિયાન જોસેફ બાબરભાઇ સેમ્યુઅલ પરમાર તેમની કાર લઈને ગેરેજમાં અવારનવાર આવતા હોય મારો પરિચય થયો હતો. જોસેફે મને લાલચ આપતા જણાવ્યું હતું કે, ગેરેજમાં તમને શું મળે છે હું બીટકોઈનું કામ કરુ છું તમે રોકાણ કરીને મારી પાસેથી બીટકોઈન ખરીદ કરો બહુ મોટો નફો મળશે તમારી દીકરીના લગ્ન સારી રીતે થઈ જશે અને તમે પણ સારું મકાન ખરીદી શકશો.

તેની વાતોમાં આવીને મેં ખરીદવાનું નક્કી કર્યું હતું. મેં કુલ રૂ.૧૧.૭૧ લાખ રૂપિયા તેને ટ્રાન્સફર કર્યા હતા. બીટકોઈન માંગતા તે આપતો ન હતો અને બીટકોઈનની ફી ભરવા માટે વધુ પૈસા માગતો હતો. ત્યારબાદ તેને મને એવી પણ ધમકી આપી હતી કે હું મુંબઈ હાઇકોર્ટનો કેસ કરીને તમને ફસાવી દઈશ ત્યારબાદ તેને મેસેજ કરીને જણાવ્યું કે બીટકોઈનની કસ્ટડી તથા વીમા ફી નહીં ચૂકવો તો તમારા કે તમારા પરિવારનો બીટકોઈન પર કોઈ હકક રહેશે નહીં અને વધુ રૂપિયાની માંગણી કરી હતી. ત્યારબાદ મને જાણવા મળ્યું હતું કે જોસેફે વડોદરામાંથી ઘણા લોકો પાસેથી બીટકોઈનમાં રોકાણના બહાને રૂપિયા પડાવીને છેતરપિંડી કરી હતી. આમ રોકાણના નામે વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી.

બીજી તરફ શિનોર પોલીસ સ્ટેશને દોઠ વર્ષ પહેલા સાધલી પંચાયચના ઉચાપતનો નાસ્તો ફરતો આરોપી તલાટી કમ મંત્રીને શિનોર પોલીસે સુરત થી ઝડપી પાડ્યો હતો. દોઢ વર્ષ પહેલા શિનોર પોલીસ સ્ટેશાને સાધલી ગ્રામ પંચાયત દ્વારા તારીખ ગત જાન્યુઆરીમાં ઠગાઇનો ગુનો દાખલ થયો હતો. જેની ટુંકી વિગત મુજબ, આરોપી તલાટી કમ મંત્રી નીતિન મુકેશ જેતાણી દ્વારા સાધલી ગ્રામ પંચાયતના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ચેક ની રકમ આરટીજીએસથી પોતાના એસબીઆઇ શિનોર બેંકના ખાતામાં રૂપિયા ૧૦,૨૦,૮૫૬ જમા કરાવી પોતાના અંગત ઉપયોગમાં લીધા હતા અને સાધલી ગ્રામ પંચાયતના બેંક ઓફ બરોડા માંથી ૧,૪૪,૫૦૦નો ચેક અલ્પેશ ભાઈલાલભાઈ પટેલ ને લખી આપી તેની પાસેથી રોકડા લીધા હતા.

આમ તલાટી કમ મંત્રી નીતિન જેતાણી દ્વારા સરકાર સાથે વિશ્વાસઘાત કરી સરકારી નાણાં અંગત ઉપયોગમાં લઈ ઉચાપત કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હતો, જેનો મુખ્ય આરોપી નિતીન મુકેશ જેતાણી છેલ્લા દોઠ વર્ષથી નાસ્તો ફરતો હતો. શિનોર પોલીસ ઇન્સ્પેક્ટર આર. આર. વસાવા નાઓએ હ્યુમન રિર્સોસિસ અને ટેકનિકલ એનાલિસિ દરમ્યાન ચોક્કસ માહિતી મળતા એક ટીમ સુરત ખાતે રવાના કરી હતી. આરોપી નિતિન જેતાની ને ૪૦૪ આસ્થા રેસીડેન્સી સાયણ રોડ સુરત શહેર સૂર્યા કિરણ ફાયર -ોટેકશન, સીટી હાર્ટ કોમ્પ્લેક્સ સાયણ રોડ ખાતે થી ઝડપી પાડેલ છે. છેલ્લા દોઢ વર્ષથી શિનોર પોલીસ મથકે નોંધાયેલ ગુનાનાં આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતો.

### સતત વધી રેહલા ફ્રોડ સામે આવી રહી છે જાગૃકતાઃ એક વૃધ્ધે ખેલ ઉંધો પાડ્યો

# સાયબર ગઠીયાઓને જ વૃધ્ધે મામૂ બનાવી દીધા!

## પોલીસ-ઈડીના નામે છ દિવસ ડિજીટલ એરેસ્ટ રાખ્યાઃ પણ વૃધ્ધે દીધા માત્ર બસ્સો રૂપિયાઃ આ ગેંગનું ચાલીસ લાખનું બીજુ ફ્રોડ પોલીસે પકડી પાડ્યુંઃ બીજી ઘટનામાં ફાયનાન્સ કંપનીના નામે ફોન કરી અઢી લાખ પડાવી લીધા

રાજકોટ, તા. ૧૨

રોબજરોજ સાયબર ગઠીયાઓ ગામને છેતરી જવામાં સફળ થાય છે. પરંતુ હાલમાં લોકોમાં જાગૃકતા આવી રહી હોય અવે સાયબર ગઠીયાઓ પણ મામા બની રહ્યા છે. આવી જ એક જાગૃકતા એક વૃધ્ધે દાખવી હતી. સાયબર ગઠીયાઓએ તેમને છ ડિજીટલ એરેસ્ટ કરીને છ દિવસ સુધી નજરકેદ રાખ્યા હતાં. પરંતુ વૃધ્ધને પોતાની સાથે ફ્રોડ થઇ રહ્યાનો અણસાર આવી જતાં તેમણે સાયબર ગઠીયાઓની ચાલ ઉંધી પાડી દીધી હતી. ગઠીયાઓને જ તેમણે મામૂ બનાવ્યા હતાં અને માત્ર બસ્સો રૂપરડી તેને આપી સામે ચાલીસ લાખના ફ્રોડનો પર્દાફાશ કરાવ્યો હતો.

ડિજિટલ એરેસ્ટ સામે સાઇબર ક્રાઇમ અંગેની જાગૃતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરી પાડતી આ ઘટના છે. જેમાં નકલી પોલીસ અને ઇ.ડી.ના અધિકારી બનીને સાઇબર ઠગોએ એક વૃદ્ધને સતત છ દિવસ સુધી ઘરમાં જ ડિજિટલ એરેસ્ટ રાખી રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેમાં તે સફળ થયા નહોતાં. સાયબર ગઠીયાઓને લાખો રૂપિયા ઉસેડી લેવાખો ખેલ આદર્યો હતો. પરંતુ વૃધ્ધે તાજેતરમાં આવી ઘટના વિશે વાંચ્યુ સાંભળ્યું હોઇ તેઓ તુરત જ સતર્ક થઇ ગયા હતાં અને ઠગોની ચાલ સમજી ગયેલા ચતુર વૃદ્ધે સમયસૂચકતા વાપરીને માત્ર ૨૦૧ રૂપિયા જ ટ્રાન્સફર કર્યા હતા.

તેમની આ નાનકડી પણ ચતુર ચાલે ગાંધીનગર સ્થિત સાઇબર સેન્ટર ઓફ એક્સેલન્સને આંતરરાજ્ય સાઇબર ગેંગના રૂપિયા ચાલીસ લાખથી વધુના કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં મદદ મળી હતી. પોલીસ સુત્રોએક હ્યું કે ગાંધીનગરના એક વૃદ્ધને સંજય પિસે નામના શખ્સે નાશિકના પોલીસ અધિકારી તરીકે વોટ્સએપ વીડિયો કોલ કર્યો હતો. ખાખી ગણવેશમાં સજ્જ ઠગે દાવો કર્યો હતો કે દેશ વિરોધી સંગઠન પીએફઆઇના પકડાયેલા આરોપીઓએ તેમનું નામ આપ્યું છે.

આ ઉપરાંત મની લોન્ડરિંગના ગુનામાં ધરપકડ કરવાની ધમકી આપી ઠગોએ વૃદ્ધને છ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતા અને સુપ્રીમ કોર્ટ તથા ઈડીના ખોટા લેટરપેડ બતાવીને



બેંક વિગતો મેળવી લીધી હતી.ઠગ ટોળકીએ એન્ટિસિપેટરી બેલના નામે બે લાખ ટ્રાન્સફર કરવા સ્લિપ ભરાવી દીધી હતી. પરંતુ વૃદ્ધને શંકા જતાં તેમણે એસ.બી.આઈ. ખાતામાંથી માત્ર બસ્સો એક રૂપિયા જ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેમણે તુરંત સાઇબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

આ અરજી આધારે સાઇબર સેન્ટર ઓફ એક્સેલન્સના અધિકારીઓએ તપાસ કરતાં સામે આવ્યું કે જે બેંક ખાતામાં ૨૦૧ રૂપિયા જમા થયા હતા તે પશ્ચિમ બંગાળનું ખાતું હતું. પરંતુ અસમથી ઓપરેટ થતું હતું, જેમાં ટૂંકા સમયમાં રૂપિયા ચાલીસ લાખથી વધુનું ટ્રાન્ઝેક્શન થયું હતું. આ સમગ્ર મામલે નાશિકના બનાવટી પોલીસ, બેંક ખાતાધારક અને અસમની ગેંગ સામે સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર સાયબર પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આમ થોડી ઘણી જાગૃકતા પણ જો લોકોમાં આવે તો આવા ગઠીયાઓનો ખેલ ઉંધો પાડી શકાય છે. આ વૃધ્ધે પણ કોઇપણ રીતે જાગૃકતા મેળવી હતી અને પોતાની સાથે ફ્રોડ થતાં જ ગઠીયાઓને ઉંધો ગાળીયો પરોવી દીધો હતો.

બીજી એક ઠગાઇમાં મહુવા તાલુકાના તરસાડી ગામે રહેતા યુવક સાથે ૨.૬૨ લાખથી વધુની ચેટિંગ-કોલિંગ થકી સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઠગાઈનો ભોગ બનેલા યુવકની ફરિયાદના આધારે મહુવા પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. મહુવા તાલુકાના તરસાડી ગામની ગાયત્રી નગર સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય કાનાભાઈ પોલાભાઈ રાલાને બે અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી ફોન આવ્યા હતા. જે પૈકી એક શખ્સે પોતાનું નામ મોહમ્મદ અરમાન શાહ બતાવી પોતે બજાજ ફાયનાન્સ કંપનીમાંથી બોલે છે તેવી ખોટી ઓળખ આપી હતી.

ત્યારબાદ કાનાભાઈને ઓછાં વ્યાજદરે મોટી રકમની લોન અપાવવાની લાલચ આપી -નેસેસિંગ ફી, ટેક્સ અને વિવિધ ચાર્જિસના નામે અલગ-અલગ બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે કૂલ રૂ. ૨,૬૨,૨૯૯ ઓનલાઈન ટ્રાન્સફર તેમજ કેશ ડિપોઝિટ કરાવ્યા હતા. મોટી રકમ જમા કરાવ્યા બાદ પણ લોન ન મળતાં અને સામે પક્ષેથી કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતાં પોતાની સાથે ભારે છેતરપિંડી થઈ હોવાનો કાનાભાઈને અહેસાસ થયો હતો. આખરે તેમણે મહુવા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી આપવીતી જણાવી હતી. પોલીસે યુવકની ફરિયાદના આધારે બંને અજાણ્યા મોબાઈલ નંબર ધારકો સામે ગુનાહિત કાવતરું અને ઠગાઈનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

### અલગ અલગ અપમૃત્યુની ઘટનાઓમાં ત્રણ પરિવારના સ્વજનો છીનવાયા

# છાપરા પરથી પટકાયેલા યુવાનનું મોત

## એક યુવાને ઝેરી પાવડર પી દુનિયા તરછોડી દીધોઃ અન્ય એક યુવાન બોઈલરના ગરમ પાણીમાં પટકાતાં દાઝી જતાં મોત થયુ

રાજકોટ, તા. ૧૨

રોજબરોજ બનતી અપમૃત્યુની અલગ અલગ ઘટનાઓ જે તે પરિવારોને કારમો આઘાત આપી જતી હોય છે. આકસ્મિક મૃત્યુ અને આપઘાતને કારણે કે પછી દિલની દગાખોરીને કારણે મૃત્યુની ઘટનાઓ બનતી રહે છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં એક યુવાન ફેક્ટરીમાં છાપરાની સફાઇ કરતી વખતે પટકાતાં જીવ ગયો હતો. બીજા બનાવમાં એક યુવાને ઝેરી પાવડર પી લેતાં અને એક યુવાનનું ફેક્ટરીમાં કામ કરતી વખતે બોઇલરના ગરમ પાણીમાં પડી જતાં દાઝી જવાને કારણે મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો મોરબીના રંગપર બેલા ગામે ટાઇલ્સ ફેક્ટરીમાં છાપરા પર ચડી સફાઇ કામ કરતી વખતે જામકંડોરણાનો એકવીસ વર્ષનો યુવાન પડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. બે મહિનાથી તે અહિ રંગપરમાં રહી ફેક્ટરીમાં મજૂરી કરતો હતો. જામકંડોરણાનો વતની એકવીસ વર્ષનો કાનજીભાઇ વિક્રમભાઇ પરમાર નામનો યુવાન મોરબીના રંગપર બેલા ગામે આવેલી કેજીએલ ટાઈલ્સ પાસે રહેતો હતો અને ફેક્ટરીમાં મજૂરી કરતો હતો. તે ફેક્ટરીમાં બારેક ફુટ ઉંચાઇ પર આવેલા છાપરા પર ચડી સફાઇ કરતો હતો ત્યારે પતરૂ તૂટતાં પગ લપસતાં નીચે પટકાતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. તેને સારવાર માટે મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ તેનું મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ



પામનાર કાનજીભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો અને અપરિણીત હતો. તેના પિતા છુટક મજૂરી કરે છે. પોતે અહિ રંગપર બે મહિનાથી મજૂરી કરવા આવ્યો હતો. યુવાન દિકરાના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો જસદણમાં રહેતાં ત્રીસ વર્ષના યુવાને ઝેરી પાવડર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જસદણમાં પોલારપુર રોડ પર રહેતાં ત્રીસ વર્ષના સુનિલભાઇ રાણાભાઇ ગાબુ નામના યુવાને ગઇકાલે સવારે ઘરે ઝેરી પાવડર પી લેતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં જસદણ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર સુનિલભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. અગાઉ લગ્ન બાદ છુટાછેડા થઇ ગયા હતાં. તે હીરા ઘસવાની મજૂરી કરતો હતો. અકળ કારણોસર તેણે આ પગલુ ભરી લીધુ હતું. જસદણ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ત્રીજી એક કરૂણ ઘટના જોઇએ તો મોરબી તાબેના ઘુંટુ ગામની સીમમાં આવેલી કજાડીયા સિરામીક નામની ફેક્ટરી પાસે રહેતો અને કારખાનામાં મજૂરી કરતો છત્રીસ વર્ષનો ઉમેશભાઇ મુન્નાભાઇ રાવત નામનો યુવાન ત્રણ દિવસ પહેલા કારખાનામાં કામ કરતો હતો ત્યારે ગરમ પાણીના બોયલર પાસેથી પસાર થતી વખતે પગ લપસતાં અંદર પડી જતાં દાઝી જતાં મોત થયું હતું ઉમેશભાઇને સારવાર માટે મોરબી હોસ્પિટલમાં અને બાદમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં મોરબી તાલુકા પોલીસે રાજકોટ આવી જરૂરી કાર્યવહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.મૃતકને સંતાનમાં બે દિકરી અને ત્રણ દિકરા છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આમ અલગ અલગ ત્રણ બનાવોમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં. આ તમામના નિષ્પ્રાણ દેહના પોસ્ટમોર્ટમ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતાં.



# યુ-ટ્યુબર યુવાનને આઇડી મામલે પત્નિ સાથે ઝઘડો થતાં ગળાફાંસો ખાધો

## જીવ બચી જતાં સારવારમાંઃ રણુજા સોસાયટીનો બનાવ

રાજકોટ, તા. ૧૨

આપઘાતના પ્રયાસની વધુ એક ઘટનામાં એક યુ-ટ્યુબરે ફાંસો ખાઇ લીધો હતો. જો કે તેનો જીવ બચાવી હોસ્પિટલમાં ખસેડાયો હતો. કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે રણુજા સોસાયટી-૧માં રહેતાં બત્રીસ વર્ષના રાહુલ જીતેનદ્રભાઇ વ્યાસ નામના યુ-ટ્યુબર યુવાને ગળાફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ઓનલાઇન આઇડી ડિલીટ કરવા મામલે પત્નિ સાથે ચડભડ થતાં આ પગલુ ભર્યાનું ખુલ્યું હતું. વધુ માહિતી અનુસાર રણુજા સોસાયટીમાં રહેતાં રાહુલ વ્યાસે પંખામાં ચાદર બાંધી દેહ લટકાવી દેતાં ઘરના સદસ્યો જોઇ જતાં તેને નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

રાહુલ બે બહેનનો એકનો એક નાનો ભાઇ છે. તે મુળ વેસ્ટ બંગાળનો વતની છે. હાલ પરિવાર સાથે રાજકોટ રહી હોટેલમાં નોકરી કરવાની સાથે સાથે યુ-ટ્યુબમાં વિડીયો પણ બનાવે છે. તેને સંતાનમાં એક દિકરી છે. પત્નિએ પોતાની આઇડી કોમ્પ્યુટરમાંથી ડિલીટ કરી નાંખવાનું કહેતાં આ વાતે બંને વચ્ચે બોલાચાલી થતાં માઠુ લાગવાથી તેણે ફાંસો ખાઇ લીધો હતો. આજીડેમ પોલી વધુ તપાસ હાથ ધરી હતી.

---

### ઓનલાઇન જે લાલચ આપી ઠગાઇ થતી હતી તેવી ઠગાઇ રૂબરૂમાં આવીને ગઠીયા કર ગયા

# USDTમાં રોકાણના નામે યુવાનના લાખો ઉસેડ્યા

## મીટીંગના બહાને યુવાનને રોકડા લઇ રૂબરૂમાં બોલાવી કારમાં બેસાડ્યોઃ પછી વાતચીતમાં નીચે ઉતારી રોકડ સાથે ભાગી ગયા

**બીજી ઘટનામાં ક્રેડીટ કાર્ડ મારફતે પચાસ હજાર કમાવવા જતાં શિક્ષકે ગુમાવ્યા છવ્વીસ લાખ!**

રાજકોટ, તા. ૧૨

શેરબજાર, ફોરેક્સ ટ્રેડીંગ, ગોલ્ડ માઇન કે પછી યુએસટીડી-બીટ કોઇનમાં ઓનલાઇન રોકાણ પર ટુંકા દિવસમાં વધુ નફો આપવાના નામે ઓનલાઇન ફ્રોડની રોજીંદી ઘટનાઓ વચ્ચે આવી એક ઓફલાઇન ઘટના બની હતી. જેમાં એક યુવાનને ગઠીયાઓએ મીટીંગમાં બોલાવી યુએસડીટીમાં રોકાણ પર નફાની લાલચ આપી સાડા ચાર લાખથી વધુ રૂપિયા પડાવી લીધા હતાં અને બંને કારમાં બેસી ગાયબ થઈ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદની આ ઘટના છે. યુએસડીટીમાં રોકાણ કરી વધુ પૈસા કમાવવાની લાલચમાં એક યુવકે લાખો રૂપિયા ગુમાવ્યા હતોં. યુવકેરોકાણની જે વ્યક્તિ સાથે વાતચીત કરી હતી તે વ્યક્તિએ યુવકને મિટિંગ માટે બોલાવ્યો હતો. મિટિંગના બહાને બંને શખ્સો યુવકને ગાડીમાં વાસણા લઈ ગયા હતા જ્યાં યુવકને ગાડીમાંથી ઉતારી બંને રફૂ ચક્કર થઈ ગયા હતા. જે મામલે યુવકે વાસણા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે નારણપુરામાં રહેતા એકતાલીસ વર્ષીય મેહુલભાઇ આંદાણી ત્રણેક માસ પહેલા એક મિત્રને મળવા ગયા હતા.

વાતચીત દરમિયાન તેમનો મિત્ર કોઇ સાથે યુએસડીટીમાં રોકાણ અંગેની વાત કરતો હતો. જે બાદ મેહુલભાઇએ પણ યુએસડીટીમાં રોકાણ બાબતે રસ દાખવીને વાત કરતા તેમના મિત્રએ



બે લોકોના નંબર આપ્યા હતા. જે પૈકી અમન પટેલ નામના શખ્સ સાથે મેહુલસભાઇને મુલાકાત થઇ હતી. અમન પટેલે યુએસડીટીમાં રોકાણ કરવાથી મોટો નફો આપવાની લાલચ આપીને રોકાણની સિક્યોરીટીની જવાબદારી લીધી હતી. જે બાદ અમન પટેલે અંજલી ચાર રસ્તા પાસે આવેલા એક કોમ્પલેક્ષ અને ભઠ્ઠા ખાતે મેહુલભાઇ તથા તેમના મિત્રને બોલાવ્યા હતા.

મેહુલભાઇ રોકડા ૪.૬૫ લાખ લઇને ત્યાં પહોંચી ગયા હતા અને તેમનો મિત્ર પણ ત્યાં પહોંચી ગયો હતો. બાદમાં અમન પટેલને ફોન કરતા તેણે વ્યસ્ત હોવાથી તેના બે માણસો ગાડી લઇને આવે તે ગાડીમાં બેસી જવા કહ્યુ હતું. નંબરપ્લેટ વગરની ગાડી લઇને આવેલા શખ્સો વાસણા વાયુદેવતાના મંદિર તરફ મેહુલભાઇ અને તેમના મિત્રને લઇ ગયા હતા. જ્યાં ગાડીમાંથી ઉતારીને શખ્સો ૪.૬૫ લાખ રોકડા લઇને નાસી ગયા હતા. અમન પટેલને ફોન કરતા તેણે નાણાં ન લાવી આપતા મેહુલભાઇએ આ મામલે વાસણા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ ઓનલાઇનની સાથે સાથે હવે આ પ્રકારની ઠગાઇ ઓફલાઇન એટલે કે રૂબરૂમાં આવીને પણ ગઠીયા કરતાં થઇ ગયા હોઇ આ બનાવે ચર્ચા જગાવી દીધી હતી.

બીજી એક ઠગાઇ જોઇએ તો વડોદરા કારેલીબાગની શાળાના શિક્ષક કૈલાસ નેગીને સસ્તામાં એસી અપાવી વિશ્વાસમાં લીધા બાદ, જીતેન્દ્રસિંઘ રાજપૂરોહિતે ક્રેડિટ કાર્ડનો દુરૂપયોગ કરી રૂપિા છવ્વીસ લાખની છેતરપિંડી કરી હતી. વાસણા-ભાયલી રોડ પર રહેતા રાજપૂરોહિતે શિક્ષકના કાર્ડમાંથી પૈસા જુદા-જુદા ખાતામાં ટ્રાન્સફર કર્યા અને રોકડા પણ લીધા. આ ઉપરાંત, તેણે શિક્ષકના નામે પર્સનલ લોન પણ લીધી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિશેષ માહિતી અનુસાર કારેલીબાગ વિસ્તારની ખાનગી સ્કૂલમાં નોકરી કરતા એક શિક્ષકને સસ્તામાં એસી અપાવી વિશ્વાસમાં લીધા બાદ ભેજાબાજ જીતેન્દ્રસિંઘ રાજપૂરોહિતે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી રૂપિયા ૨૬લાખનો ચૂનો ચોપડતાં શિક્ષકે પોલીસ ફરિયાદ કરી હતી. બીલ કેનાલ રોડ પર પરમ સોસાયટીમાં રહેતા અને કારેલીબાગની ડીએપીએસ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા કૈલાસ ઉમેદસિંગ નેગીએ પોલીસને કહ્યું છે કે મારા મિત્ર મારફતે રિચર્ડ ક્રિશ્નનનો સંપર્ક થયો હતો. રિચર્ડે મને ૫૦ હજારનું એસી ૩૯ હજારમાં અપાવતાં મારા સંપર્ક વધ્યા હતા. ત્યારબાદ મને મોબાઇલ લેવો હોવાથી રિચર્ડે જીતેન્દ્રસિંઘ માનકસિંઘ રાજપૂરોહિત સાથે સંપર્ક કરાવ્યો હતો.

વધુમાં શિક્ષકે કહ્યુ હતું કે જીતેન્દ્રસિંઘે મને વિશ્વાસમાં લઇ ઓનલાઇન ફોન અપાવ્યો હતો અને ત્યારબાદ તેણે મારી પાસેના ક્રેડિટ કાર્ડની માહિતી મેળવી કાર્ડ મારફતે ઇન્વેસ્ટમેન્ટ કરશો તો એક કાર્ડ દિઠ મહિને રૂપિયા ૫૦ હજાર કમાશો તેમ કહી ફસાવ્યો હતો. તેણે મારા કાર્ડનો લાભ લઇ ૯.૯૬ લાખ જુદાજુદા ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા અને રૂપિયા૨.૯૯ લાખ રોકડા પણ લીધા હતા.આ ઉપરાંત તેણે મારા નામે પર્સનલ લોનો પણ લઇ કુલ રૂીપયા ૨૬.૬૧ લાખની ઠગાઇ કરી છે.જેથી કારેલીબાગના પીઆઇ કે એ ચૌધરીએ તપાસ હાથ ધરી હતી.

ચામડાતોડ વ્યાજખોરોને સબક શીખવવા પોલીસની સતત કાર્યવાહીઃ છતાં આવા બનાવો

# ત્રણ સામે બાર લાખ દીધા તો'ય દંપતિની પઠાણી ઉઘરાણી

## યુવાન પાસેથી દર મહિને અધધધ બાવીસ ટકા લેખે વ્યાજ વસુલ્યુંઃ ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની ધમકી પણ દીધીઃ અંતે યુવાને પોલીસની મદદ લેતાં વ્યાજખોર પતિ-પત્નિ સામે પોલીસે કરી કાર્યવાહલ

રાજકોટ, તા. ૧૨

વ્યાજખોરીખી ડામવા માટે સતત થઇ રહેલા પ્રયાસો વચ્ચે વધુ એક વખત આવી ઘટના સામે આવી હતી. જેમાં એક દંપતિએ એક યુવાને વ્યાજખોરીમાં ફસાવી પછી ડ્રગ્સ કેસમાં ધફસાવી દેવાની ધમકી આપી વ્યાજની પઠાણી ઉઘરાણી કરતાં પોલીસે આ પતિ-પત્નિ સામે એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. આ યુવતિએ અગાઉ ખુલ્લેઆમ ડ્રગ્સ વેંચાતુ હોવાનો એક વિડીયો પણ વાયરલ કર્યો હતો. હવે પોતે વ્યાજખોરીમાં ફસાતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. ત્રણ લાખના બાર લાખ ચુકવ્યા છતાં વધુ વ્યાજની ઉઘરાણી કરવામાં આવતી હતી.

વિગતો પર નરજ કરીએ તો વડોદરા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ખુલ્લેઆમ ડ્રગ્સ વેચાતું હોવાના દાવા કરીને વીડિયો વાઇરલ કરનાર યુવતી તમન્ના સૈયદ અને તેના પતિ સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાઈ હતી. પીડિત યુવકને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતા વેપારીને સોહીલ સૈયદ ઉર્ફે લંબુ અને તેની પત્નિ તમન્ના સૈયદે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવકે કુલ રૂ.૩ લાખ બાવીસ ટકા માસિક વ્યાજે લીધા હતા, જેના બદલામાં આરોપીઓએ ટુકડે-ટુકડે રોકડા તથા ઓનલાઇન મળી આશરે રૂ.બાર લાખ જેટલી રકમ વસૂલ કરી હોવા છતાં વધુ વ્યાજની ઉઘરાણી ચાલુ રાખી હતી.

વધુ માહિતી અનુસાર આજથી બે વર્ષ પહેલા સોહીલ સૈયદ ફરિયાદીને રાજવી ટાવર પાસે આવેલા ક્રોમા શોરૂમ નજીક મળ્યો હતો. સોહીલે પોતે વ્યાજે રૂપિયા આપતો હોવાનું જણાવી જરૂરિયાત હોય તો સંપર્ક કરવા કહ્યું હતું અને આપેલા રૂપિયા સામે દર મહિને ૨૨ ટકા વ્યાજ લેતો હોવાનું જણાવ્યું હતું. યુવકે સોહીલ સૈયદ પાસેથી રૂપિયા લેવાની વાત કરી હતી. ત્યારબાદ બેસિલ સ્કૂલ




પાસે સોહીલે રોકડા રૂ.૨.૩૦ લાખ આપ્યા હતા. આ પછી રૂ.૭૦ હજાર ફરિયાદીના બેંક ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા.

ઉપરાંત આ રકમ સામે દર મહિને બાવીસ ટકા વ્યાજની ઉઘરાણી કરવામાં આવતી હતી. સોહીલ સૈયદ અવારનવાર યુવકના ઘરે જઈને તેના ભાઈ નવસાદની હાજરીમાં વ્યાજના રૂપિયા લેતો હતો. જ્યારે યુવક પાસે વ્યાજ ચૂકવવા માટે પૂરતી રકમ ન હોય ત્યારે સોહીલ તેની સાથે બોલાચાલી અને ઝઘડો કરી ગાળો આપતો હતો તથા માર મારવાની ધમકી આપતો હતો. યુવકનો ફોન તથા ઘરમાંથી સામાન બળજબરીથી લઈ જવાની પણ ધમકી આપતો હતો. એક વર્ષ પહેલાં સોહીલ સૈયદની પત્નિ તમન્ના સૈયદ સહકારનગર ખાતે કારમાં આવી હતી. તમન્નાએ તેના પતિ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હોવાથી વ્યાજ ચૂકવવું જ પડશે તેમ કહી યુવકને ધમકાવ્યો હતો.

બાદમાં તમન્નાએ પોતે સોશિયલ મીડિયા પર સક્રિય હોવાનું કહી યુવકને મોટો ડ્રગ્સ સપ્લાયર દર્શાવતો વીડિયો બનાવી નાખવાની, તેને બદનામ કરવાની અને બજારમાં ફેરવી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તમન્ના દ્વારા વ્યાજના નાણાની ઉઘરાણી માટે અવારનવાર વોટ્સએપ કોલ કરવામાં આવતા યુવકે તેને વોટ્સએપ પર બ્લોક કરી હતી. ત્યારપછી સોહીલ સૈયદના મોબાઇલ પરથી પણ વોટ્સએપ કોલ કરી વ્યાજની ઉઘરાણી કરવામાં આવતી હતી. સવા મહિના પહેલાં સોહીલ સૈયદ અને તેની પત્ની ટાટા હેરિયર કાર લઈને યુવકને સહકારનગર ખાતે મળ્યા હતા. તે સમયે તમન્ના સૈયદે વ્યાજ નહીં ચૂકવે તો ફરિયાદીને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની અને આજીવન જેલમાંથી છૂટવા નહીં દેવાની ધમકી આપી હતી.

જ્યારે સોહીલ સૈયદે ફરિયાદીને તેની પાસે વ્યાજ પેટે આપવા માટે જેટલા પણ રૂપિયા હોય તે આપી દેવા જણાવ્યું હતું અને રૂપિયા નહીં આપે તો હેરિયર કાર તેના પર ચડાવી દેવાની તથા ત્યાં જ મારી નાખવાની ધમકી આપી હતી. આ ધમકીથી ગભરાયેલા યુવક પાસે ૧૦ હજાર રૂપિયા હતા, જે સોહીલ સૈયદ અને તેની પત્ની તમન્નાએ વ્યાજ પેટે બળજબરીથી લઈ લીધા હતા, ત્યારબાદ એક મહિના પહેલાં સોહીલ સૈયદ ફરી ટાટા હેરિયર કાર લઈને સહકારનગર પાસે વ્યાજના નાણાની ઉઘરાણી કરવા આવ્યો હતો. તે સમયે તેણે યુવકને ધમકી આપતાં કહ્યું હતું કે, તારા ટાટિયા તોડી નાખ્યા બાદ તને પતાવી દઈશ.

ત્યારબાદ તાજેતરમાં સાંજના સમયે સનફાર્મા રોડ પર આવેલા ચાય-ન્યારા ફાકેની બહાર સોહીલ સૈયદ યુવકને મળ્યો હતો. આ દરમિયાન વ્યાજના નાણાની ઉઘરાણી બાબતે બંને વચ્ચે આશરે અડધો કલાક સુધી બોલાચાલી અને ઝઘડો થયો હતો. સોહીલે ફરિયાદીને તેના રૂપિયા આપી દેવા જણાવ્યું હતું અને રૂપિયા નહીં આપે તો ત્યાં જ મારી નાખવાની ધમકી આપી હતી. આ રીતે વ્યાજના નાણાની ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ પછી સોહીલ સૈયદે તેની પાસેથી વ્યાજ પેટે ટુકડે-ટુકડે રોકડા તથા ઓનલાઇન મળી આશરે રૂ.૧૨ લાખ જેટલી રકમ મેળવી લીધી છે. તેમ છતાં સોહીલ સૈયદ તથા તેની પત્નિ તમન્ના સૈયદ દ્વારા વધુ વ્યાજના નાણાની ઉઘરાણી ચાલુ રાખી હતી. આ સમગ્ર મામલે આરોપીઓની ધાક-ધમકીના કારણે અગાઉ ફરિયાદ કરી નહોતી. સતત ઉઘરાણી અને ધમકીઓના પગલે અંતે પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ઉપરોક્ત કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

જુદા જુદા કારણોસર અમુક લોકો ભંસાય જાય છે આર્થિક સંકડામણના ભરડામાં

# આર્થિક ભીંસને લીધે બગીચામાં યુવાનનો આપઘાત

## આત્મહત્યાના પ્રયાસની બે ઘટનામાં પત્નિ સાથે માથાકુટ થતાં એક યુવાને ગળાફાંસો ખાધો, બીજાએ પી લીધું એસિડઃ બંને સારવાર હેઠળ

રાજકોટ, તા. ૧૨

અલગ અલગ કારણોસર લોકો મહામુલી જિંદગી ત્યજી દેતાં હોય છે. આપઘાતની સતત વધી ગયેલી ઘટનાઓ વચ્ચે વધુ એક યુવાન આર્થીક ભીંસ સંકડામણ સામે હિમ્મત હારી જતાં ઝેર પી મોત વ્હાલુ કરી લીધુ હતું. ઘરેથી નીકળ્યા બાદ આ યુવાને આજીડેમના પક્ષીઘર પાસેના બગીચામાં જઇ આ પગલુ ભર્યુ હતું. અન્ય બે ઘટનામાં બે યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બંનેને કામ બાબતે પોતાની પત્નિઓ સાથે ઝઘડો થતાં એકે એસિડ પીધુ હતું અને બીજાએ ગળાફાંસો ખાઇ લીધો હતો. તેના આ પગલાને કારણે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.

આત્મહત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આજીડેમ ચોકડી પાસે રહેતાં યુવાન સવારે ઘરેથી નીકળ્યા બાદ મોડી સાંજ સુધી પરત ન આવતાં તે અવાર-નવાર આજીડેમ ખાતે જતાં હોઇ ત્યાં તપાસ કરવા જતાં તે પક્ષીઘર પાસેથી બેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ થતાં તેણે ઝેર પી લીધાનું ખુલ્યું હતું. વિશેષ માહિતી અનુસાર આજીડેમ ચોકડી પાસે અનમોલ પાર્ક-૨માં



રહેતા ઓગણચાલીસ વર્ષના વિશાલભાઇ પ્રવિણભાઇ પંડ્યા નામના યુવાન સાંજે સાતેક વાગ્યે આજીડેમના પક્ષીઘર પાસેના બગીચામાંથી બેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ ટુંકી સારવાર બાદ રાતે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયા સહિતે જરૂરી કાર્યવાહી કરી હતી. પોસ્ટમોર્ટમ થતાં તેમણે ઝેરી દવા પી લીધાનું ખુલ્યું હતું. આપઘાત કરનારા વિશાલભાઇ બે ભાઇમાં નાના હતાં. તેમને સંતાનમાં ત્રણ વર્ષ અને ચૌદ વર્ષની બે દિકરી છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે.

વધુ માહિતી અનુસાર વિશાલભાઇ સ્ટીલ ફેક્ટરીમાં મજૂરી કામ કરતાં હતાં. કેટલાક સમયથી આર્થિક સંકડામણ હોઇ તેના કારણે પગલુ ભરી લીધાનું પ્રાથમિક તારણ સગાએ જણાવ્યું હતું. આ બનાવથી પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો હતો. રૈયા હિલમાં રહેતાં ફૂડ ડિલીવરીનું કામ કરતાં એક યુવાને માધાપર ચોકડી પાસે આર્થિક ભીંસને કારણે ઝેર પી આપઘાત કરી લીધાની ઘટના હજુ પરમ દિવસે જ બની હતી. ત્યાં વધુ એક યુવાન આવા જ કારણોસર દુનિયા છોડી ગયો હતો.

આપઘાતના પ્રયાસની અન્ય બે ઘટના જોઇએ તો મોરબીના રંગપર બેલામાં પીપળી રોડ પર આવેલી એબ્રોડ સિરામીક નામની ફેક્ટરી પાસે રહેતો અને ત્યાં કામ કરતો મુળ મધ્યપ્રદેશનો સત્યાવીસ વર્ષના વિનોદ બ્રીજસિંગ કરમાએ રાતે રૂમમાં ગળાફાંસો ખાઇ લેતાં સારવાર માટે મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. વિનોદ બે ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ છે અને સંતાનમાં બે દિકરી છે. પત્નિના સરિતાના કહેવા મુજબ કારખાનામાં કામ બાબતે બંને વચ્ચે રાતે બોલાચાલી થઇ હતી. આ પછી પોતે રૂમ બહાર ગઇ હતી. થોડીવારમાં અંદર આવી ત્યારે પતિ પંખામાં ટૂવાલ બાંધી લટકતી હાલતમાં મળ્યા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી કરી હતી.

જ્યોર આવી જ બીજી એક ઘટનામાં મોરબીમાં લીલાપર રોડ પર જકાતનાકા નજીક રહેતાં નવઘણ જાદવજીભાઇ શાંતલપરા નામના ત્રીસ વર્ષના યુવાને એસિડ પી લેતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. તે બે ભાઇ અને બે બહેનમાં મોટો છે અને સંતાનમાં એક દિકરી તથા બે દિકરા છે. તે ગાડીમાં માલ સામાન ચડાવવા-ઉતારવાની મજૂરી કરે છે. પત્નિ સાથે મજૂરી કામે જવા મામલે બોલાચાલી થતાં તેણે આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આમ એક ઘટનામાં આર્થિક ભીંસથી હારેલા યુવાને બગીચામાં જઇ ઝેર પી મોત મેળવી લીધુ હતું. તો અન્ય બે બનાવમાં બે યુવાનને પત્નિઓ સાથે માથાકુટ થતાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

# બેભાન થઈ જતાં પરિણીતાનું મોત

## ઝેર પી લેનારા યુવાને ચાર દિવસની સારવાર બાદ દમ તોડી દીધો

રાજકોટ, તા. ૧૨

અપમૃત્યુની બે ઘટનામાં એક પરિણીતાનું બેભાન થઇ ગયા બાદ અને એક યુવાનનું ઝેર પી લેવાને કારણે મૃત્યુ થયું હતું. કોટડા સાંગાણીના પાંચ તલાવડા ગામે મુકેશભાઇ ભંડેરીની વાડીમાં રહેતી મુળ મધ્યપ્રદેશની પરિણીતા ઇન્દિરાબેન મોનુભાઇ ચૌહાણ નામની અઠ્ઠાવીસ વર્ષની પરિણીતા સવારે છએક વાગ્યે વાડીએ બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડાસાંગાણી પોલીસને કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં ત્રણ દિકરી અને બે કિરા છે. એક મહિના પહેલા જ એક સંતાનનો જન્મ થયો હતો. અચાનક તબીયત બગડતાં બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. પોલીસે મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.



બીજી ઘટનામાં ગોંડલમાં જેતપુર રોડ પર ગણેશ પાર્કમાં રહેતાં સાગરભાઇ કિશોરભાઇ મકવાણા નામના ત્રીસ વર્ષના યુવાને આઠમી તારીખના રોજ ઝેરી દવા પી લેતાં સારવાર હેઠળ હતો. તેનું આજે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. તે ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતો હતો અને માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પિતા ખેત મજૂરી કરે છે. બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

આઠ વર્ષના દિકરાને મારકુટ કરતાં તે માસી-માસીના ઘરે ગયો તે વાત ન ગમી

# યુપીના શખ્સે સાઢુને ધાબેથી ઘા કરી પતાવી દીધો

## રડતો દિકરો માસીના ઘરે જતો રહેતાં અમરેન્દ્રસિંગ પાછળ આવ્યો અને કેમ તમે મારા દિકરાને રાખો છો? કહી પહેલા સાળીને અગાસી પર પટકી લોહીલુહાણ કરી, પછી સાઢુને માર મારી નીચે ફેંકી દીધોઃ અઠવાડીયા પહેલા તેણે પત્નિને પણ માર મારી કાઢી મુકતાં તે વતન જતી રહી હતીઃ બાળકો તેની પાસે જ હતાંઃ શાપર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો

રાજકોટ, તા. ૧૨

હત્યાની વધુ એક ઘટના બની છે. જેમાં રાજકોટ જીલ્લાના શાપર વેરાવળમાં મુળ યુપીના યુવાનને તેના જ સાઢુએ અગાસી પરથી ફેંકી દઇ મોતને ઘાટ ઉતારી દીધો છે. શાપરમાં રહી ફેબ્રીકેશનના કારખાનામા.મજૂરી કરતાં અને ત્યાં જ બાજુમાં આવેલી રૂમમાં અગાસી પર પત્નિ, બે બાળકો સાથે રહેતાં મુળ ઉત્તરપ્રદેશના યુવાન અને તેના પત્નિ પર રાતે નજીકમાં જ રહેતાં સાઢુભાઇએ આવી હુમલો કરી મારામારી કરી સાળીને ધાબા પર ધક્કો દઇ પછાડી માથામાં ઇજા પહોંચાડી તેમજ સાઢુને મારકુટ કરી અગાસીએથી નીચે ફેંકી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઇ હતી. આરોપી તેના આઠ વર્ષના દિકરાને મારકુટ કરતો હોઇ દિકરો રડતો રડતો માસા-માસીની રૂમે આવી જતાં આરોપીએ પાછળ પાછળ આવી તમે કેમ મારા દિકરાને રાખ્યો છે? તેમ કહી સાઢુ-સાળી સાથે મારામારી ચાલુ કરી હતી. જે હત્યા સુધી પહોંચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શાપર પોલીસે હત્યાનો ભોગ બનનાર ચાલીસ વર્ષના બ્રીજવિહારીસિંગ ધ્રુપનારાયણસિંગના પત્નિ બત્રીસ વર્ષિય સંજુબેન સિંગની ફરિયાદ પરથી તેણીના બનેવી શાપર રંગાણી કારખાના પાસે રહેતાં અમરેન્દ્રસિંગ મહેન્દ્રસિંગ વિરૂધ્ધ હત્યાનો કોશિષનો ગુનો આજે વહેલી સવારે દાખલ કર્યો હતો. સારવાર દરમિયાન બ્રીજવિહારીસિંગનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત થતાં હત્યાની કલમનો ઉમેરો કરાયો હતો. સંજુબેન સિંગે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પતિ બ્રિજવિહારીસિંગ સાથે શાપર વેરાવળ ઉર્જા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રંગાણી કારખાના સામે હિરેનભાઇના કારખાનાની ઓરડીમાં રહુ છે અને અમે મુળ ઉત્તરપ્રદેશ કુશીનરગ ઠેરવા ચૌરાના કરખના બેલવા ગામના વતની છીએ.

તેણીએ વધુમાં કહ્યું કે મારે સંતાનમાં ૧૧ ષ્વાંનો દિકરો અતુલસિંગ અને ૧૦ વર્ષનો દિકરો અભિષેકસિંગ છે. અમે કારખાનાની છત પર રહીએ છીએ. મંગળવારે તા. ૧૧ના રાત્રીના આશરે સાડા દસેક વાગ્યે હું તથા મારા પતિ બ્રિજવિહારીસિંગ તથા અમારા બાળકો એમ અમો બધા અમારી ઓરડીએ હતાં એ દરમ્યાન મારી બહેન શિતલનો દિકરો





હિતેશસિંગ (ઉ.વ.૮) અમારી ઓરડીએ આવેલ હતો અને મને કહેલ કે મને મારા પિતાજી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ખીજાયેલ છે. આ વાત મારો ભાણેજ હિતેશસિંગ મને કરી રહ્યો હતો. ત્યાં જ તેની પાછળ પાછળ તેના પિતા એટલે કે મારા બનેવી અમરેન્દ્રસિંહ અમારી ઓરડીએ આવેલ અને મારા છોકરાને અહી કેમ તમે રાખ્યો છે? કહી મારી તથા મારા પતિ સાથે બોલાચાલી તથા ઝગડો કરવા લાગેલ.

જેથી મારા પતિ બ્રિજવિહારીસિંગે ઝગડો કરવાની ના પાડતા મારા બનેવી અમરેન્દ્રસિંહ ખુબ જ ઉશ્કેરાઈ ગયેલ અને મારા કે પતિને ઢીકા પાટુનો માર મારવા લાગ્યો હતો. જેથી હું છોડાવવા વચ્ચે પડતાં મને બનેવીએ જોરથી ધક્કો મારી ત્યાં ધાબા પર પછાડી દીધી હતી. બાદમાં મારા પતિને પણ તે માર મારવા માંડ્યો હતો. તે મારતો મારતો તેમને છતની દિવાલ પાસે લઇ ગયેલ અને છતની ઉપરથી ધાબા પરથી નીચે જમીન પર ફેંકી દીધા હતાં. બાદમાં મારા બનેવી ભાગી ગયેલ. હુ તથા મારા બાળકો કરવા રાડારાડ કરવા લાગેલ જેથી ત્યા ઘણા માણસો ભેગા થઈ ગયા હતાં.

અમે નીચે જઈને જોતા મારા પતિ બેભાન હાલતમાં પડેલ હતા અને તેને માથામાં તથા કપાળના ભાગે લોહી નિકળતું હતું. મને પણ ધક્કો મારી પછાડી હોઇ માથામાં લોહી નીકળતું હોઇ અમને બંનેને પતિના મિત્ર રવિકુમાર શ્રી હંસરાજ પ્રસાદ સારવાર માટે શાપર સરકારી હોસ્પીટલે લઈ ગયેલ અને ત્યાંના ડોક્ટરે માથાના ભાગે ગંભીર ઇજા થયેલ હોવાનું જણાવી રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે લઈ જવાનું જણાવતાં અમને બંનેને ૧૦૮ મારફત રાજકોટ લાવવાવમાં આવ્યા હતાં. અહિ મને પ્રાથમિક સારવાર કરી પાટો બાંધી દેવાયો હતો. મારા પતિને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હોઇ ઇમર્જન્સી વોર્ડમાં બેભાન હાલતમાં દાખલ કરાયા હતાં. સંજુબેનની ઉપરોક્ત કેફીયતને આધારે એએસઆઇ એમ. વી. ચૌહાણે આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રહે. હાલ શાપર વેરાવળ, રંગાણી કારખાના પાસે મુળ રહે. દિધવા પટ્ટા, ગુરવલીયા ગામ જી. કુશીનગર, ઉત્તરપ્રદેશ વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. જો કે ટુંકી સારવાર બાદ સવારે બ્રિજવિહારીસિંગનું મૃત્યુ થતાં હત્યાની કલમનો ઉમેરો કરી ભાગી ગયેલા આરોપીને શોધી કાઢવા કાર્યવાહી કરી હતી. હત્યાનો ભોગ બનનાર બ્રિજવિહારીસિંગ ઉર્ફે પિન્ટુસિંગ એક વર્ષથી અહિ રહી મજૂરી કરતો હતો. તેના પત્નિ સંજુબેને કહ્યું હતું કે-મારી બહેન શિતલના લગ્ન અમરેન્દ્રસિંગ સાથે તેર વર્ષ પહેલા થયા છે. તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. અમરેન્દ્રસિંગ શાપરમાં કરીયાણાની દુકાન ચલાવે છે. ગયા અઠવાડીએ તેણે દારૂ મારી મારી બહેન શિતલને મારકુટ કરી કાઢી મુકતાં તે વતન બિહાર જતી રહી હતી. ત્રણેય બાળકો મારા બનેવી અમરેન્દ્રસિંગ પાસે જ છે. ગઇકાલે રાતે તેણે તેના પુત્ર હિતેશસિંગને પણ મારકુટ કરતાં તે રડતો રડતો અમારી રૂમે આવતાં અને પપ્પાએ માર માર્યો છે તેમ કહેતાં એ દરમિયાન પાછળ પાછળ મારા બનેવી અમરેન્દ્રસિંગ પણ આવેલ અને મારા દિકરાને તમે શું કામ રાખો છો? કહી ઝઘડો કરી અમારા બંને પતિ-પત્નિ સાથે મારામારી કરી મારા પતિને અગાસીએથી નીચે ફેંકી હત્યા કરી નાંખી હતી. આ બનાવે શાપર પંથકમાં અને પરપ્રાંતિય મજૂરોમાં ચકચાર જગાવી દીધી હતી.

# જેતપુરમાં ડમી સ્કૂલ - બોગસ એડમિશન વિવાદ

## રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી (DEO)ને આવેદનપત્ર પાઠવીને કડક પગલાં લેવાની કરી માંગ

રાજકોટ, તા. ૧૨

રાજ્યમાં ચાલતી ડમી શાળાઓ અને બોગસ એડમિશનના કૌભાંડો સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. જેતપુરના વિદ્યાર્થી દેવ પ્રફુલભાઇ યાદવના કિસ્સાએ શિક્ષણ વિભાગની કામગીરીની પોલ ખોલી નાખી છે. આ સમગ્ર મામલે કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થી આગેવાન રોહિતસિંહ રાજપૂતે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પાઠવીને દોષિતો સામે કડક પગલાં લેવાની જોરદાર માંગણી કરી છે.

કોંગ્રેસ અગ્રણી રોહિતસિંહ રાજપૂતના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૨-૨૩માં જેતપુરના આ વિદ્યાર્થીને ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે જેતપુરની 'એપ્સિલોન સાયન્સ એકેડેમી'માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ સમયે વાલીને રૂ. ૮૦,૦૦૦ની સ્કોલરશીપ આપવાની લાલચ પણ આપવામાં આવી હતી. વાસ્તવમાં આ એકેડેમી માત્ર ક્લાસીસ સ્વરૂપે જ ચાલતી હતી અને વિદ્યાર્થીનું લિવિંગ સર્ટિફિકેટ (ક્ક્ષ્ઈ) 'શ્રીજી વિનય મંદિર, જેતપુર' ખાતે રાખવામાં આવ્યું હતું.

ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા બાદ આ સમગ્ર ગેરરીતિ પ્રકાશમાં આવી હતી. વિદ્યાર્થીના પરિણામમાં 'કમરીબાય હાઈસ્કૂલ, જેતપુર'નું નામ દર્શાવવામાં આવ્યું હતું, જ્યારે તેનું લિવિંગ સર્ટિફિકેટ સાવ અલગ જ શાળાનું હતું. આમ, વિદ્યાર્થીના શૈક્ષણિક દસ્તાવેજોમાં એકસાથે અલગ-અલગ શાળાઓના નામ સામે આવતા અત્યંત ગંભીર વિસંગતતા સર્જાઈ હતી.

આ બાબતે વાલીએ અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. પરંતુ ગેરરીતિ આચરનાર સ્કૂલ અને આખી વ્યવસ્થા સામે કડક કાર્યવાહી કરવાને બદલે, શિક્ષણ તંત્રે વિદ્યાર્થીને જ એ શાળામાં 'રીપીટર' તરીકે પ્રવેશ લેવાનો આદેશ આપી દીધો જેનું નામ પરિણામમાં દર્શાવાયું હતું. અર્થાત, વિદ્યાર્થીની કોઈ ભૂલ ન હોવા છતાં તેને જ આ ભ્રષ્ટ વ્યવસ્થાનો ફરીથી ભોગ બનાવવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ પરિવારે લગાવ્યો છે.

પરિવારના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીને 'શ્રીજી વિનય મંદિર, જેતપુર'નું વર્ષ ૨૦૨૪-૨૫નું લિવિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે સામે આવ્યું કે આ શાળા તો સરકારી ચોપડે વર્ષ ૨૦૧૯થી જ બંધ થઈ ચૂકી છે. મામલો તંગ બનતા શિક્ષણ વિભાગ દ્વારા સંબંધિત શાળાને રૂ. ૧.૫૦ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો, પરંતુ દંડ કર્યા પછી પણ વિદ્યાર્થીના દસ્તાવેજોની વિસંગતતા ઉકેલાઈ નથી.વાલી પાસે એપ્સિલોનના સંચાલકના ખાતામાં ફી જમા કરાવ્યાના તમામ પુરાવાઓ હોવા છતાં, તેઓ છેલ્લા બે વર્ષથી દર મહિને અનેક વખત જેતપુરથી રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યા છે.



**વિદ્યાર્થીને ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ માટે જેતપુર સ્થિત એપ્સિલોન સાયન્સ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવ્યો હતોઃ ધોરણ ૧૨નું પરિણામ આવ્યા બાદ સામે આવ્યું કે માર્કશીટમાં કમરીબાય હાઈસ્કૂલ, જેતપુરનું નામ દર્શાવવામાં આવ્યું હતું, જ્યારે વિદ્યાર્થીનું કઈ અન્ય શાળાના નામે હતું**

# UGCના નવા નિયમો સામે વિરોધનો સૂર

## રાજપૂત કરણી સેના અને સમાજના અગ્રણીઓએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

રાજકોટ, તા. ૧૨

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઞઞ્ઙ્ઈ) દ્વારા તાજેતરમાં અમલી બનાવવામાં આવેલા નવા નિયમો અને ફેરફારો સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયના વિરોધમાં અને આ ફતવો તુરંત અસરથી રદ્દ કરવાની માંગ સાથે રાજપૂત કરણી સેના તેમજ વિવિધ સમાજના હોદ્દેદારો અને સદસ્યો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા. તેમણે આ મામલે અધિક કલેક્ટર બારોટને આવેદનપત્ર સુપ્રત કરી પોતાની રજૂઆત કરી હતી.




આ પ્રસંગે સૌરાષ્ટ્ર કરણી સેનાના પ્રમુખ આદિત્યસિંહ ગોહિલ, પ્રભારી સત્યજીતસિંહ જાડેજા, મહામંત્રી છત્રપાલસિંહ જાડેજા, રાજકોટ કરણી સેનાના રાજદીપસિંહ જાડેજા, બ્રહ્મસમાજના મિલનભાઇ શુકલ તેમજ પટેલ સમાજના અગ્રણી નરેન્દ્રભાઇ પટેલે સંયુક્ત રીતે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, યુજીસીના નવા નિયમોના કારણે સમગ્ર શિક્ષણ ક્ષેત્રે ગંભીર અસંતોષ અને અશાંતિનો માહોલ ઊભો થયો છે.

આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું કે, વર્તમાન સમયમાં તમામ સમાજના લોકો કોઈપણ જાતના ભેદભાવ વગર પરસ્પર ભાઈચારા સાથે રહે છે અને વિવિધ સમાજના વિદ્યાર્થીઓ એકસાથે અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ મનભેદ કે મતભેદ નથી અને સવર્ણ સમાજને પણ કોઈની સામે કોઈ વિરોધ નથી. પરંતુ આ નવા કાયદાના અમલથી વિના કારણે સમાજમાં ખોટા વિવાદો અને વર્ગવિગ્રહ ઊભા થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને કૂણું માનસ ધરાવતા બાળકો અને ટીનએજર્સ પર આ નિર્ણયની નકારાત્મક અસર પડી શકે છે.

સમાજમાં એકતા જળવાઈ રહે, વર્ગવિગ્રહ ન થાય અને રાજકીય લાભો ખાટવા માટે શિક્ષણ ક્ષેત્રનો દુરુપયોગ ન થાય તે માટે તમામ સમાજના બહોળા હિતમાં આ નવા નિયમો તુરંત પાછા ખેંચવામાં આવે તે અત્યંત જરૂરી છે. જો સરકાર દ્વારા આ માંગણી સ્વીકારવામાં નહીં આવે, તો નાછૂટકે આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે, જેની તમામ જવાબદારી સરકારની રહેશે તેવી કડક ચેતવણી પણ સામાજિક અગ્રણીઓ દ્વારા આપવામાં આવી છે.

# ભરચોમાસે 'તરસ્યું' રાજકોટ

## સપ્ટેમ્બર સુધી જ ચાલે તેટલું પાણી બચ્યું, આજી-ન્યારી ડેમ ભરવા મનપાએ સરકાર પાસે ૪૦૦૦ MCFT નીરની ગુહાર લગાવી

રાજકોટ, તા..૧૨

રાજકોટમાં ચાલુ વરસે ચોમાસાની સીઝન અડધી પૂરી થવા આવી હોવા છતાં પીવાના પાણીના મુખ્ય સ્ત્રોતોમાં પૂરતો પાણીનો જથ્થો આવ્યો નથી. પરિણામે, ભરચોમાસે પણ શહેર પર વિકટ જળસંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે.

તંત્રના ચોંકાવનારા આંકડા મુજબ હાલમાં રાજકોટ પાસે માત્ર સપ્ટેમ્બર મહિનાના અંત સુધી ચાલે તેટલો જ પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જો આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને ન વર્ષે, તો ઓક્ટોબર મહિનાથી રાજકોટવાસીઓને પીવાના પાણી માટે ભારે ફાંફા મારવાનો વારો આવે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે.

શહેરની તરસ છિપાવતા મુખ્ય એવા આજી અને ન્યારી ડેમમાં પાણીનું સ્તર તળિયે પહોંચી ગયું છે. ચોમાસું એળે જવાની ભીતિ વચ્ચે રાજકોટ મહાનગરપાલિકા (મનપા) તંત્રમાં ભારે હલચલ મચી ગઈ છે. પરિસ્થિતિ વણસે તે પહેલાં જ મનપાના શાસકો અને અધિકારીઓએ જળસંકટ ટાળવા માટે દોડધામ શરૂ કરી દીધી છે.

આજી અને ન્યારી ડેમમાં તાત્કાલિક ધોરણે નર્મદાના નીર ઠાલવવામાં આવે તે માટે રાજકોટ મનપા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ ૪૦૦૦ ખઈઋઝ (મિલિયન ક્યુબિક ફીટ) પાણીની ફાળવણી કરવા માટે વિનંતી સાથેનો પ્રપોઝલ મોકલીને 'ખોળો પાથરવામાં' આવ્યો છે. જો સરકાર દ્વારા સમયસર નર્મદાનું પાણી નહીં છોડાય, તો ચોમાસાની સીઝનમાં જ રાજકોટવાસીઓને પાણીના કાપનો સામનો કરવો પડી શકે છે.

# મનપાના આવાસ વિભાગમાં ખાયકી અને ગેરહાજરી પ્રકરણ

## મુદ્દે ૩ કર્મચારીને ચાર્જશીટઃ શંકાસ્પદ મેડિકલ સર્ટિફિકેટ સહિત ૧૪ મુદ્દા પર તપાસ



રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરપાલિકાના આવાસ વિભાગમાં નાણાંકિય ગેરરીતિ અને ફરજમાં બિનઅધિકૃત ગેરહાજરી બદલ ત્રણ કર્મચારીઓ સામે મેનેજર અને પૂર્વ આર્મી ઓફિસર સૂર્યપ્રતાપસિંહ દ્વારા કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે. અગાઉ આ ત્રણેય કર્મચારીઓને શો-કોઝ નોટિસ આપીને ખુલાસો માગવામાં આવ્યો હતો, પરંતુ આપેલા ખુલાસા અસંતોષકારક જણાતાં આખરે તેમની સામે ચાર્જશીટ (તહોમતનામું) દાખલ કરીને મહાનગરપાલિકાના તંત્રમાં દાખલારૂપ કામગીરી કરવામાં આવી છે.

જેમાં પ્રથમ કિસ્સામાં, આવાસ લાભાર્થી આનંદકુમાર ડોડિયાએ સોશિયલ ડેવલપમેન્ટ ઓફિસર કેયુરભાઈ ગાંધી સામે નાણાંકિય ગેરરીતિની લેખિત ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં જણાવ્યા મુજબ, લાભાર્થીની અસલ રસીદ સિસ્ટમમાંથી રદ કરવા માટે ઓથોરાઇઝ્ડ કરતી વખતે જરુરી ભૌતિક દસ્તાવેજી ચકાસણી કે અસલી રસીદ જમા લીધા વિના ખોટી રસીદ કાઢીને પ્રમાણિત કરવાની ગંભીર ફરજચૂક અને ઓથોરાઇઝ્ડ ડિજિટલ રાઇટ્સનો ગેરઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પગલે કેયુર ગાંધી સામે અલગ-અલગ ૨૦ મુદ્દાઓનું ચાર્જશીટ આપવામાં આવ્યું છે.

બીજા કિસ્સામાં, આવાસ યોજના વહિવટી વિભાગના કાયમી સિનિયર ક્લાર્ક સ્વાતીબેન ચૌહાણ સામે શંકાસ્પદ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવા સહિત કુલ ૧૪ મુદ્દાની ચાર્જશીટ મુકવામાં આવી છે. તેઓ પોતાની ફરજ પર આવીને કોઈને પણ જાણ કર્યા વિના બહાર ચાલ્યા જતા હતા અને અનધિકૃત રીતે ગેરહાજર રહીને હાજરી પૂરતા હતા. તેમને આ મામલે ૧૪ ઓગસ્ટ સુધીમાં લેખિત ખુલાસો કરવા જણાવાયું છે.

ત્રીજા કિસ્સામાં, કોન્ટ્રાક્ટ બેઝ્ડ લાઈવલીહુડ ડેવલપમેન્ટ ઓફિસર રાજુભાઈ વન સામે કચેરીના સમયે અનધિકૃત રીતે ગેરહાજર રહીને મહાનગરપાલિકા સાથે છેતરપિંડી કરવી, કચેરીના સમયનો અંગત કામ માટે દુરુપયોગ કરવો અને સદંતર ખોટી માહિતી રજૂ કરીને તપાસ કરનાર ઉપરી અધિકારીઓને ગેરમાર્ગે દોરવા બદલ કુલ ૧૪ મુદ્દાનું ચાર્જશીટ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે કર્મચારીઓ સામે કોઈ કડક પગલાં ન લેવાતા હોવાની છાપ ધરાવતી મહાનગરપાલિકામાં પૂર્વ આર્મી ઓફિસર દ્વારા કરાયેલી આ કડક કાર્યવાહીથી કર્મચારીઓમાં તહેલકો મચી ગયો છે.

# મનપાની સામાન્ય સભાનો ગુપ્ત એજન્ડા પ્રસિદ્ધ, કોંગ્રેસનો વિરોધ

## એજન્ડામાં ચાર મુખ્ય દરખાસ્તઃ રેસકોર્સ વિસ્તારમાં આવેલા જર્જરીત ટોયલેટ અને સ્ટોરરૂમ દૂર કરવાની દરખાસ્તઃ નગરસેવકોએ પૂછેલા પ્રશ્નોની યાદી જાહેર કરવા માંગ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય સભાઃ ગુપ્ત એજન્ડા સામે કોંગ્રેસનો વિરોધ, પ્રશ્નો જાહેર કરવા માંગ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી સામાન્ય સભા તા.૨૦ના ગુરૂવારે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવા મેયરની સૂચનાથી સેક્રેટરીએ આજે એજન્ડા બહાર પાડ્યો છે. જોકે, આ 'ગુપ્ત' રખાયેલા એજન્ડા સાથે નવી પરંપરા મુજબ પ્રશ્ન પૂછનાર કોર્પોરેટરોના નામ અને તેમના પ્રશ્નોની વિગત ઢાંકીને જ રાખવામાં આવી છે.

જેની સામે વિરોધ પક્ષ કોંગ્રેસે જનતાના પ્રશ્નોનો મુદ્દો ઉઠાવીને સભ્યોએ પૂછેલા પ્રશ્નો જનતા સમક્ષ જાહેર કરવા ઉગ્ર માંગણી કરી છે.આ સામાન્ય સભાના બોર્ડના એજન્ડામાં મુખ્યત્વે ચાર દરખાસ્તોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં રેસકોર્સમાં આવેલા જર્જરીત ટોયલેટ અને સ્ટોરરૂમ દૂર કરવા, વેરામાં વ્યાજમાફી આપવી, વોર્ડ નં.૬ના ગાર્ડનનું નામકરણ કરવું અને અધ્યક્ષસ્થાનેથી અરજન્ટ રજૂ થનારી દરખાસ્તનો સમાવેશ થાય છે.

દરમિયાન શહેર કોંગ્રેસ વિપક્ષ દ્વારા એક મહત્વપૂર્ણ માંગ કરવામાં આવી છે કે જનરલ બોર્ડમાં શહેરના ૭૨ કોર્પોરેટરોએ રાજકોટને લગતા કયા-કયા પ્રશ્નો રજૂ કર્યા છે અને જનતાના પ્રશ્નોને લઈને શું રજૂઆત કરી છે તેની સંપૂર્ણ વિગતો રાજકોટની જનતા સમક્ષ જાહેર કરવામાં આવે. જનતાએ પોતાના વિસ્તારમાંથી કોર્પોરેટરોને ચૂંટીને મહાનગરપાલિકામાં મોકલ્યા છે, તેથી જનપ્રતિનિધિઓ જનતાના પ્રશ્નો અંગે કેટલા સક્રિય છે અને જનરલ બોર્ડમાં તેમના વિસ્તારના પ્રશ્નો કેટલા મજબૂતીથી રજૂ કરે છે તે જાણવાનો અધિકાર પણ રાજકોટની જનતાને છે.

પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું છે કે જનરલ બોર્ડ માત્ર ઔપચારિક કાર્યવાહી બનીને ન રહે, પરંતુ




શહેરના વાસ્તવિક પ્રશ્નો અંગે અસરકારક ચર્ચા થાય અને તેના ઉકેલ માટે જવાબદારી નક્કી થાય તે ખૂબ જ જરૂરી છે.

દરેક કોર્પોરેટરે પોતાના વિસ્તાર તેમજ સમગ્ર શહેરને લગતા પ્રશ્નો જનરલ બોર્ડમાં ઉઠાવ્યા છે કે નહીં તેની વિગતો ચોથી જાગીર સમક્ષ પણ રજૂ કરવામાં આવે, જેથી મીડિયા અને રાજકોટની જનતા જાણી શકે કે તેમના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ જનતાના પ્રશ્નો માટે કેટલી ગંભીરતા દાખવી રહ્યા છે.

જનતાના મતથી ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જનતા પ્રત્યે જવાબદાર રહેવું જોઈએ. જનપ્રતિનિધિ જનતાની વચ્ચે રહે અને જનતાના પ્રશ્નો સાથે જોડાયેલા રહે એ જ લોકશાહીની સાચી ભાવના છે.

શહેર કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે તેઓ વિપક્ષ તરીકે આ મુદ્દે સતત અવાજ ઉઠાવશે અને જનતાના હિતમાં પારદર્શિતા તથા જવાબદારીની માંગ સતત કરતી રહેશે.